MIHSAVAVAD [illegible]

Published by Shree Bombay Jain Yuvak Sangh
385, Sardar V. P. Road, BOMBAY 400004

Price: Rs. 7.00

પ્રથમ આવૃત્તિ: ૧૯૮૦

મૂલ્ય: રૂ. ૭-૦૦

પ્રકાશક:
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. રોડ
મુંબઈ ૪૦૦ ૦૦૪

મુખ્ય વિક્રેતા:
નવભારત સાહિત્ય મંદિર
મુંબઈ-૨ * અમદાવાદ-૧

મુદ્રક:
કુમાર કાર્યાલય લિમિ.
૧૪૫૪, રાયપુર
અમદાવાદ



અર્પણ

પરમ પૂજ્ય મુનિરાજ

શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજસાહેબને

જેમના સાન્નિધ્યમાં બેઠાં મને

જ્ઞાનોપાસના માટે પ્રેરણા મળતી રહી છે.

રમણલાલ ચી. શાહ

ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તકો

એકાંકીસંગ્રહ: શ્યામ રંગ સમીપે

જીવનચરિત્ર: ગુલામોનો મુક્તિદાતા * હેમચન્દ્રાચાર્ય

પ્રવાસ-શોધસફર: એવરેસ્ટનું આરોહણ * ઉત્તર ધ્રુવની શોધસફર

સાહિત્ય-વિવેચન: ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન (અન્ય સાથે) * ૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય * નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય * પડિલેહા * આપણાં ફાગુકાવ્યો * સમયસુંદર * નળદમયંતીની કથાનો વિકાસ

સંશોધન-સંપાદન: નલદવદંતી રાસ (સમયસુંદરકૃત) * જંબૂસ્વામી રાસ (યશોવિજયકૃત) * કુવલયમાળા (ઉદ્દ્યોતનસૂરિકૃત) * મૃગાવતી ચરિત્ર ચોપઈ (સમયસુંદરકૃત) * નલદવદંતી પ્રબંધ (ગુણવિનયકૃત)

સંક્ષેપ: સરસ્વતીચન્દ્ર-ભાગ ૧ (પાઠ્યસંક્ષેપ)

ધર્મ-તત્ત્વજ્ઞાન: જૈન ધર્મ * जैन धर्म (હિંદી આવૃત્તિ) * जैन धर्म (મરાઠી આવૃત્તિ) * બૌદ્ધ ધર્મ * નિહ્નવવાદ * Shraman Bhagavan Mahavir and Jainism * Buddhism-An Introduction

સંપાદનો (અન્ય સાથે): મનીષા * શ્રેષ્ઠ નિબંધિકાઓ * શબ્દલોક * ચિંતનયાત્રા * નીરાજના * અક્ષરા * અવગાહન * જીવનદર્પણ વગેરે

પ્રકીર્ણ: એન. સી. સી.

પ્રકાશકીય નિવેદન

'નિહ્નવવાદ' નામનું આ પુસ્તક શ્રી મુંબઈ જૈન યુવક સંઘના 'સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ'ની ગ્રંથશ્રેણીના બીજા પુસ્તક તરીકે પ્રગટ થાય છે એ સંઘ માટે આનંદ અને ગૌરવની વાત છે.

સ્વ. દીપચંદભાઈ યુવાન વયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય તરીકે જોડાયા હતા અને સંઘની કાર્યવાહક સમિતિના સક્રિય કાર્યકર રહ્યા હતા. લગભગ સાત વર્ષ સુધી તેમણે મંત્રી તરીકે સંઘને સેવા આપી હતી. સંઘ પ્રત્યે એમને ઘણી મમતા હતી અને એથી જ એમના અવસાન પછી એમનાં પત્ની શ્રીમતી ધીરજબહેન શાહ તથા પુત્રી પ્રો. તારાબહેન રમણલાલ શાહ તરફથી સ્વ. દીપચંદભાઈના સ્મરણાર્થે રૂપિયા ત્રીસ હજારની રકમ સંઘને ભેટ આપવામાં આવી હતી. સ્વ. દીપચંદભાઈની જૈન ધર્મના પ્રચાર માટેની ભાવનાને લક્ષમાં રાખી આ રકમના વ્યાજમાંથી જૈન ધર્મને લગતાં પુસ્તકો પ્રગટ કરવામાં આવે એ માટે સંઘે આ રકમનો સ્વીકાર કર્યો અને એનું અલગ જાહેર ટ્રસ્ટ કરવાનો નિર્ણય કર્યો કે જેથી બીજા દાતાઓ તરફથી પણ એમાં યથાશક્તિ રકમ ભરાતી રહે અને ટ્રસ્ટ દ્વારા જૈન ધર્મના જુદા જુદા વિષયોનાં પુસ્તકો પ્રગટ થતાં રહે.

સ્વ. દીપચંદભાઈ સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રાના વતની હતા. તેમણે ધ્રાંગધ્રા, અમદાવાદ અને લખનૌમાં અભ્યાસ કર્યો હતો; ત્યાર પછી તેમણે મુંબઈ આવી દિનકર ટ્રેડિંગ કંપનીના નામથી વેપાર શરૂ કર્યો હતો. વેપારમાં તેમણે પ્રામાણિકતાનો આગ્રહ રાખ્યો હતો; એથી એમની પ્રતિષ્ઠા ઘણી વધી હતી અને વેપારમાં એમણે સારી સિદ્ધિ મેળવી હતી. વેપારાર્થે ૧૯૬૩માં અને ૧૯૬૭માં એમ બે વખત તેઓ જાપાન જઈ આવ્યા હતા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના આદ્ય સંસ્થાપકોમાંના એક સ્વ. મણિલાલ મો. શાહે સ્વ. દીપચંદભાઈમાં પ્રામાણિકતા, ઉત્સાહ, ઉદારતા અને સેવાની તત્પરતા જોઈને એમને એ બે સંસ્થાઓની કાર્યવાહક સમિતિમાં લીધા હતા. આ બંને સંસ્થાઓને સ્વ. દીપચંદભાઈએ જીવનપર્યંત પોતાની મૂલ્યવાન સેવાઓ આપી હતી.

સ્વ. દીપચંદભાઈએ કેળવણી એન્જિનિયરિંગની લીધી, વેપાર આયાત-નિકાસનો કર્યો, પરંતુ તેમના રસના વિષયો તો ઇતિહાસ, ધર્મ અને તત્ત્વજ્ઞાન હતા. પોતાના ફાજલ સમયમાં તેઓ હંમેશાં કોઈ ને કોઈ ગ્રંથનું અધ્યયન કરતા રહેતા. જીવનનાં અંતિમ વર્ષોમાં તેઓ કેટલાક જૈન સાધુઓના ગાઢ સંપર્કમાં આવ્યા હતા અને એથી જૈન ધર્મનો દેશવિદેશમાં ખૂબ પ્રચાર થાય એવી એમની ઊંડી ભાવના હતી. એમની ભાવનાને લક્ષમાં રાખી એમનાં કુટુંબીજનોએ કરેલી સખાવતની રકમમાંથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે જૈન ગ્રંથશ્રેણીનું પ્રકાશન ચાલુ કર્યું છે.

આ ગ્રંથશ્રેણી માટે ડૉ. રમણલાલ શાહે 'નિહ્નવવાદ' નામનું આ પુસ્તક તૈયાર કરી આપ્યું એ માટે તેમનો આભાર માનીએ છીએ.

સંઘની આ યોજનામાં દાતાઓ અને લેખકોનો સારો સહકાર સાંપડી રહેશે એવી આશા રાખીએ છીએ.

ચીમનલાલ ચકુભાઈ શાહ
પ્રમુખ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

લેખકનું નિવેદન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ૧૯૭૮ના વર્ષમાં મારા વ્યાખ્યાન માટે મેં 'નિહ્નવવાદ'નો વિષય પસંદ કર્યો હતો. જૈન આગમગ્રંથોમાં સાત નિહ્નવો વિશે જે નિરૂપણ કરવામાં આવ્યું છે તેનો અભ્યાસ કરવાની આ નિમિત્તે તક મળી હતી. એ નિહ્નવોને પોતાના ગુરુ સાથે કેવા તાત્ત્વિક વિષયમાં મતભેદ થયો હતો અને તેનું શું પરિણામ આવ્યું હતું તેનો ઇતિહાસ રસિક છે અને એની તત્ત્વચર્ચા અત્યંત ગંભીર અને ગહન છે.

'નિહ્નવવાદ' વિશેનું વ્યાખ્યાન ત્યાર પછી 'પ્રબુદ્ધ જીવન'માં લેખમાળા રૂપે પ્રસિદ્ધ થયું હતું, એ લેખમાળા કેટલાક સુધારાવધારા સાથે આ પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આવે છે.

'નિહ્નવવાદ'ના અભ્યાસમાં મને માર્ગદર્શન આપવા માટે પ. પૂ. આચાર્ય ભગવંત વિજયચંદ્રોદયસૂરિજી મહારાજસાહેબનો તથા આ પુસ્તકનું લખાણ તપાસી જઈ ઉપયોગી સૂચનો કરવા માટે પ. પૂ. મુનિરાજ શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજસાહેબનો હું અત્યંત ઋણી છું.

વ્યાખ્યાન નિમિત્તે 'નિહ્નવવાદ' વિશે અભ્યાસ કરવાની મને તક આપવા માટે અને આ પુસ્તક પ્રગટ કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો અને સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટનો હું આભારી છું.


આ પુસ્તકનું સરસ, સુઘડ મુદ્રણકાર્ય કરી આપવા માટે કુમાર કાર્યાલયનો તથા પૂ. શ્રી. બચુભાઈ રાવતનો અને શ્રી અશોકભાઈ રાવતનો પણ આભાર માનું છું.

આ શાસ્ત્રીય, ગહન વિષયના નિરૂપણમાં કંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

મુંબઈ, ૧૮–૨–૮૦ રમણલાલ ચી. શાહ

અનુક્રમ

નિહ્નવવાદ



बहुरय-पएस-अव्वत्त-समुच्छ-दुग-तिग-अबद्धिआणं च ।
एएसिं निग्गमणं वोच्छामि जहाणुपुव्वीए ॥

(આવશ્યક नियुक्ति)

નિહ્નવવાદ

નિહ્નવવાદ એ જૈનોનો એક પારિભાષિક વિષય છે. શ્રી સ્થાનાંગસૂત્ર, આચારાંગસૂત્ર, ભગવતીસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર, આવશ્યક નિર્યુક્તિ ઇત્યાદિ જૈન આગમગ્રન્થોમાં સાત નિહ્નવો-ના વિષયની પ્રરૂપણા કરવામાં આવી છે. એ સાત નિહ્નવોનાં નામ આ પ્રમાણે છે: (૧) જમાલિ, (૨) તિષ્યગુપ્તાચાર્ય, (૩) આષાઢાચાર્યના શિષ્યો, (૪) અશ્વમિત્રાચાર્ય, (૫) ગંગાચાર્ય, (૬) રોહગુપ્ત અને (૭) ગોષ્ઠા માહિલ.

'નિહ્નવ' સંસ્કૃત શબ્દ છે. સંસ્કૃતમાં ह्नु ધાતુને नि ઉપસર્ગ અને કર્તાના અર્થમાં अ પ્રત્યય લાગવાથી નિહ્નવ શબ્દ બને છે. निह्नुते इति निह्नवः । ह्नु ધાતુનો અર્થ સંતાડવું, છુપાવવું, ગોપવવું એવો થાય છે. નિહ્નવ એટલે સંતાડનાર, છુપાવનાર, ગોપવનાર એવો અર્થ થાય છે.

નિ ઉપસર્ગને બદલે अप ઉપસર્ગ લાગે તો अपह्नव શબ્દ થાય છે. તે પણ નિહ્નવનો સમાનાર્થ શબ્દ છે. સંસ્કૃ અલંકારશાસ્ત્રમાં અપહ્નુતિ નામનો જાણીતો અલંકાર કાવ્યમાં યોજાયેલા તે અલંકારમાં કશુંક છુપાવવાનો ભ રહેલો હોય છે.

નિહ્નવો નિહ્નવ તરીકે શા માટે ઓળખાયા? તેમણે શું છુપાવ્યું? કેવી રીતે છુપાવ્યું? તેનું પરિણામ શું આવ્યું? વગેરે કથા-ચર્ચા જેમાં કરવામાં આવી હોય તેને 'નિહ્નવ-વાદ' કહેવામાં આવે છે.

નિહ્નવ શબ્દનો પછીથી વ્યાપક અર્થ રૂઢ થતો ગયો. જે વ્યક્તિ મિથ્યા આગ્રહથી સત્યને છુપાવે, જ્ઞાનને ગોપવે તે નિહ્નવ. તેવી રીતે શાસ્ત્રાર્થ કરતી વખતે, ધર્મચર્ચા કરતી વખતે પરાજિત થવાના ભયને કારણે, પ્રતિષ્ઠાને કારણે, ઈર્ષ્યાને કારણે, અહંકારને કારણે, પ્રસિદ્ધિના મોહને કારણે અથવા બીજા કોઈ કારણે જે વ્યક્તિ પોતાના કોઈક જ્ઞાનને ગુપ્ત રાખે અને મિથ્યાજ્ઞાન માટે કદાગ્રહ સેવે તે નિહ્નવ. સમય જતાં નિહ્નવ શબ્દનો અર્થ એથી પણ વ્યાપક બન્યો. જે માણસ આજ્ઞાનો ઉત્થાપક હોય, કહેવાતો ખોટો ખળવા-ખોર હોય અને જેને શિસ્ત ખાતર સંઘની બહાર કાઢવામાં આવ્યો હોય તે નિહ્નવ કહેવાયો. જૈન શાસ્ત્રગ્રન્થોમાં આવા માણસો માટે નિહ્નવ શબ્દ રૂઢ થઈ ગયો છે. બૌદ્ધ ધર્મ-ગ્રન્થોમાં એવા માણસો માટે 'સંઘભેદક' શબ્દ વપરાયો છે. અર્થચ્છાયાની દૃષ્ટિએ 'નિહ્નવ' શબ્દ વધુ યોગ્ય લાગે છે.

આપણે પ્રથમ નિહ્નવ શબ્દના સામાન્ય સ્વરૂપનો વિ-ચાર કરીશું અને પછી સાત નિહ્નવોના વિષયની ચર્ચા કરીશું.

જૈન શાસ્ત્રગ્રન્થોમાં નિહ્નવ, અનિહ્નવ, નિહ્નવતા, અનિ-હ્નવતા, અનિહ્નવપણું ઇત્યાદિ શબ્દો જ્ઞાનના વિષયમાં વપરાયા છે.

જૈન ધર્મમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય, તપ અને વીર્ય એ પાંચના આચાર ઉપર પુષ્કળ ભાર મૂકવામાં આવ્યો છે. આ પંચાચારના પાલનમાં દોષ લાગે તો તેને અતિચાર કહેવામાં આવે છે. આરાધનાના આ પાંચે વિષયોમાં કેવા કેવા પ્રકારના આચારનું પાલન કરવાનું હોય છે અને અતિચારોથી બચવાનું હોય છે તેની વિચારણા શાસ્ત્ર-ગ્રન્થોમાં કરવામાં આવી છે. એ વિષયની આઠ સુપ્રસિદ્ધ ગાથાઓ છે. તેમાં બીજી, જ્ઞાનને લગતી ગાથા નીચે પ્રમાણે છે:

काले विणए बहुमाणे उवहाणे तह अनिह्णवणे।
वंजण अत्थ तदुभये अठ्ठविहो नाणमायारो॥

કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવપણું, વ્યંજન, અર્થ, તદુભય (વ્યંજન–અર્થ બંને) – એ પ્રમાણે જ્ઞાનના આઠ આચાર છે.

આમાં જ્ઞાનનો એક આચાર તે અનિહ્નવપણું છે. જ્ઞાનને છુપાવવું નહિ તે જ્ઞાનનો આચાર છે. જ્ઞાનને છુપાવવું તે નિહ્નવપણું છે, તે અતિચાર છે અને પાપરૂપ છે.

સૂત્રના વિષયમાં, એકાદ વ્યંજનનો કે અક્ષરનો પણ પ્રમાદ કરવો તે પણ અતિચાર છે. તેવી રીતે અર્થનો કે વ્યંજન અને અર્થ બંનેનો પ્રમાદ કરવો તે પણ અતિચાર છે. તેવી જ રીતે વ્યંજનની બાબતમાં નિહ્નવતા, અર્થની બાબતમાં નિહ્નવતા કે વ્યાકયાર્થની બાબતમાં

નિહ્નવતા પણ અતિચાર મનાય છે અને તેનાં દૃષ્ટાંતો શાસ્ત્રોમાં આપવામાં આવ્યાં છે. નાનકડા વ્યંજન ઉપર પણ આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે, કારણ કે વ્યંજન-ભેદે અર્થભેદ થવાનો સંભવ છે; અર્થભેદે ક્રિયાભેદ થવાનો સંભવ છે; ક્રિયાભેદે સદ્ક્રિયાને બદલે અસદ્ક્રિયા તરફ ચાલ્યા જવાનો સંભવ છે અને એમ થાય તો શ્રુતજ્ઞાનનું આલંબન લેવા છતાં છેવટે મુક્તિનો અભાવ થાય અને દુર્ગતિ થાય એવો સંભવ છે. પરિણામ દૂરગામી છે પણ તે અસંભવિત નથી.

જ્ઞાનાચારમાં એક આચાર છે : અર્થ-અનિહ્નવપણું. એટલે કે અર્થ ન છુપાવવો તે. સૂત્રનો અર્થ કરતી વખતે પોતાના કોઈ સ્વાર્થી આશયને કારણે, તેનો સાચો અર્થ ખબર હોવા છતાં તેનો જુદો અર્થ કરી બતાવવો તે અર્થની બાબતમાં નિહ્નવતા છે અને તે પાપરૂપ મનાય છે. 'રત્નાકર પચીસી'ના કર્તા શ્રી રત્નાકરસૂરિજીનો આ બાબતમાં સુપ્રસિદ્ધ પ્રસંગ છે. દંતકથા કહે છે તે પ્રમાણે રત્નાકરસૂરિજી ઘણા વિદ્વાન અને તેજસ્વી આચાર્ય હતા. ધર્મશાસ્ત્રોના અભ્યાસ ઉપરાંત સાહિત્ય, છંદ, અલંકાર, વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, ભાષા ઇત્યાદિ વિષયોમાં પણ તેઓ સમર્થ, નિપુણ પંડિત હતા. તેમનું ભાષાજ્ઞાન એટલું અગાધ હતું અને શબ્દો ઉપરનું એમનું પ્રભુત્વ એટલું અસાધારણ હતું કે કોઈ પણ વાક્ય કે શ્લોકના તેઓ તત્ક્ષણ અનેક અર્થ કરી શકતા હતા. આથી રાજાએ તેમને 'અનેકાર્થવાદી' એવું બિરુદ

આપ્યું હતું. રાજ્યસભામાં પણ તેમને ખૂબ માન મળતું હતું. તેમને બોલાવવા માટે રાજા તરફથી વારંવાર પાલખી મોકલવામાં આવતી હતી. અનેક વાર રાજ્યસભામાં જવાને કારણે તેમનામાં પ્રમાદ આવવા લાગ્યો હતો. ઉત્તમ આહાર, વસ્ત્રો અને પછી તો ઉત્તમ રત્નો પણ તેઓ વહોરવા લાગ્યા હતા.

એમનામાં દિવસે દિવસે વધતાં જતાં શિથિલતા અને પ્રમાદને જોઈને એમને યુક્તિપૂર્વક સમજાવવાને માટે ઘીનો વેપાર કરનાર કુંડલિયા નામના એક શ્રાવકે એક દિવસ વ્યાખ્યાનમાં એમને 'ઉપદેશમાલા'ની નીચેની ગાથાનો અર્થ સમજાવવા માટે વિનંતી કરી.

> दोससयमूलजालं पुव्वरिसिविवज्जियं जइ वंतम् ।
> अत्थं वहसि अणत्थं कीस अणत्थं तवं चरसि ॥

રત્નાકરસૂરિએ જોયું કે આ ગાથા તો પોતાને જ લાગુ પડે છે. એટલે એમણે પોતાના અસાધારણ શબ્દ-જ્ઞાન વડે આ ગાથાનો જુદો જ અર્થ કરી બતાવ્યો અને એના ઉપર વિસ્તારથી વિવેચન કર્યું. પરંતુ આ અર્થથી પોતાને સંતોષ થયો નથી એમ કુંડલિયાએ કહ્યું. બીજે દિવસે રત્નાકરસૂરિએ એ જ ગાથાનો બીજી રીતે અર્થ

[illegible]
રાખ્યો છે. માટે તેમણે નિર્ણય કર્યો કે ગાથાનો સાચો અર્થ કરી બતાવવો અને પોતાના જીવનમાં આવેલા પ્રમાદનો એકરાર કરીને પ્રમાદથી રહિત થવા માટે સંયમ માર્ગે દૃઢ થવા માટે પ્રયત્ન કરવો. બીજે દિવસે વ્યાખ્યાનમાં ગાથાનો સાચો અર્થ કરી બતાવતાં એમણે કહ્યું :

"સેંકડો દોષોને ઉત્પન્ન કરવામાં મૂળ જાળ સમાન, પૂર્વઋષિઓએ વર્જિત કરેલા, વમી નાખેલા અને અનર્થ કરનારા એવા અર્થ(ધન)ને જો તું વહન કરે છે અર્થાત્ પાસે રાખે છે તો પછી તું શા માટે નિરર્થક તપ કરે છે?"

આ સાચા અર્થથી કુંડલિયાને સંતોષ થયો. સંઘને સંતોષ થયો અને રત્નાકરસૂરિના ચહેરા ઉપર નવું તેજ દેખાયું. ત્યાર પછી, દંતકથા કહે છે તે પ્રમાણે, રત્નાકર-સૂરિએ સિદ્ધાચલ પર જઈ ઋષભદેવ ભગવાનનાં પ્રતિમાજી સમક્ષ સ્તુતિ કરી અને પોતાનાં બધાં જ પાપોની આલો-ચના કરી. એ સ્તુતિ તે 'રત્નાકર પચીસી'.

આ રીતે સાચો અર્થ છુપાવી સહેતુક ભળતા જ અર્થ કર્યા કરવા એ પણ એક પ્રકારની નિહ્નવતા છે. જ્ઞાનના આરાધકોએ એ નિહ્નવતામાંથી બચવાનું છે.

જેમ જ્ઞાનની બાબતમાં નિહ્નવપણું પ્રવર્તી શકે છે તેમ પોતાના ગુરુની બાબતમાં પણ નિહ્નવપણું શિષ્યમાં ક્યારેક ઉદ્ભવી શકે છે.

ભારતીય પરંપરામાં ગુરુનું સ્થાન બહુ મહત્ત્વનું મનાયું છે. ગુરુશિષ્યની પરંપરા જેટલી જૂની છે [illegible] [illegible] ભારતમાં જોવા મળે છે તેવી અન્યત્ર જોવા મળતી નથી. સામાન્ય રીતે ગુરુ સમર્થ તેજસ્વી જ્ઞાની, પવિત્ર અને વત્સલ હોય છે. ગુરુ [illegible] જ ઇચ્છે છે કે શિષ્ય કરતાં તે સવાયો થાય; તે [illegible] છે. [illegible] ગુરુને [illegible] પ્રસન્નતા નહીં કે [illegible] છે ગુરુશિષ્યની પરંપરામાં શિષ્ય કરતા ગુરુ હંમેશા આગળ જ [illegible]માં રહેલા હોય એવું નથી, કારણ કે પોતાના કરતાં પોતાના શિષ્યો વધુ તેજસ્વી થાય એવી સાચા ગુરુની હંમેશાં અંતરની લાગણી હોય છે. આ જ કહેવાયું છે કે શિષ્યાત્ ઇચ્છેત્ પરાજયમ્ । ગુરુને સહર્ષ તો પોતાના શિષ્યથી પરાજિત થવાનો હોય છે. સાચા વાત્સલ્યભાવ વિના આ ભાવના અંતરમાં જાગૃત થઈ શકતી નથી. કેટલીક વખત એવું પણ બને છે કે ઉંમર થતાં ગુરુની શક્તિઓ ક્ષીણ થાય છે; સ્મરણશક્તિ અને ગ્રહણશક્તિ મંદ પડે છે; ચિત્તમાં પૂર્વે હોય તેવી સ્ફૂર્તિ રહેતી નથી. બીજી બાજુ દિનપ્રતિદિન શિષ્યની ગ્રહણશક્તિનો, તેજસ્વિતાનો અને એના જ્ઞાનનો સતત વિકાસ થતો રહે છે. આથી પણ સમય જતાં ગુરુ કરતાં શિષ્ય અધિક તેજસ્વી બને છે.

વળી, કેટલીક વાર એવું પણ બને છે કે ગુરુમાં સહજ રીતે ચારિત્ર્યનું જેટલું બળ હોય છે તેટલું જ્ઞાનનું હોતું નથી. આહાર અને નિદ્રા ઉપર વિજય, ઇન્દ્રિયો

ઉપર સંયમ, બ્રહ્મચર્યનું અખંડ પાલન ઇત્યાદિ જેટલાં પ્રખર હોય છે તેટલાં ક્યારેક તેમનાં શાસ્ત્રાભ્યાસ, જ્ઞાનચર્યા, પ્રવચન ઇત્યાદિ પ્રખર હોતાં નથી. આવે પ્રસંગે શિષ્ય ગુરુ કરતાં ચડિયાતો દેખાય છે.

ક્યારેક શિષ્ય કરતાં ગુરુ ઉંમરમાં નાના હોય છે; ક્યારેક શિષ્ય કરતાં ગુરુ ઊતરતી જાતિમાં જન્મ્યા હોય છે; ક્યારેક શિષ્ય સુખી કુટુંબમાંથી અને ગુરુ નિર્ધન કુટુંબમાંથી આવેલા હોય છે; ક્યારેક શિષ્ય કરતાં ગુરુમાં વક્તૃત્વશક્તિ ઓછી હોય છે; ક્યારેક ઘણા ઇતર વિષયોની જાણકારી ગુરુ કરતાં શિષ્યને વધારે હોય છે; ક્યારેક ગુરુ કરતાં શિષ્યનો સ્વભાવ સારો હોય છે; ક્યારેક ગુરુ કરતાં શિષ્યની પ્રસિદ્ધિ વધુ હોય છે; ક્યારેક ગુરુ કરતાં શિષ્યમાં સાહસિકતા, વ્યવહારદક્ષતા વગેરે ગુણો વધુ વિકસેલા હોય છે. આમ કેટલીય એવી બાબતો છે કે જેમાં ગુરુ અને શિષ્ય વચ્ચે તફાવત રહેવાનો અને ગુરુ કરતાં શિષ્ય કોઈક અપેક્ષાએ ચડિયાતો હોય એવા પ્રસંગો બનવાના. આમ હોય છતાં સાચો શિષ્ય તો તે જ કે જે અંગતજીવનમાં તેમ જ જાહેરમાં પણ પોતાના ગુરુનું ગૌરવ કરતાં જરા પણ શરમ કે સંકોચ અનુભવે નહિ. બલ્કે તેમ કરવામાં પ્રેમ, આનંદ અને કૃતાર્થતા અનુભવે. ગુરુ પ્રત્યેની સાચી નિષ્ઠા વિના, ગુરુ પ્રત્યે સાચી શરણાગતિના ભાવ વિના આમ બનવું શક્ય નથી.

જ્યારે શિષ્યને પોતાના ગુરુ કરતાં પોતે ઘણો ચડિયાતો છે એવી સભાનતા થાય છે ત્યારે અહંકારને લીધે, લોકેષણાને લીધે, મિથ્યા મોહના ઉદયને લીધે પોતાના ગુરુ પ્રત્યેનો એનો પૂજ્યભાવ ઘટવા લાગે છે. ગુરુ પ્રત્યેનો અવિનય શરૂ થાય છે. ક્યારેક ગુરુ-શિષ્ય વચ્ચે મતભેદ, મનભેદ અને સંઘર્ષ ચાલુ થાય છે. ક્યારેક શિષ્ય ગુરુનો ત્યાગ કરીને ચાલી જાય છે. અલબત્ત, આવા પ્રસંગો ભારતીય પરંપરામાં પ્રમાણમાં બહુ જ ઓછા બને છે. એકંદરે તો ગુરુ પ્રત્યેનો ઊંડો આદરભાવ વિશેષ જોવા મળે છે. ગુરુની સાચા હૃદયની આશિષ શિષ્યને પોતાની સાધનામાં ઘણી બધી સફળતા અપાવે છે એવી શ્રદ્ધા આમાં મહત્ત્વનું કામ કરે છે. સાથે સાથે ગુરુનો અપલાપ કરવો એ એક પ્રકારનું પાપ છે એવી માન્યતા પણ રહેલી હોય છે. જે કોઈ આવું પાપાચરણ કરે છે તેની દુર્ગતિ થાય છે એમ મનાય છે. એક અક્ષર જેટલું જ્ઞાન પણ ગુરુએ આપ્યું હોય તો તેનો ઉપકાર કદી પણ ન ભૂલવો જોઈએ એ ભાવના ઉપર પુષ્કળ ભાર મૂકવામાં આવ્યો છે. કહેવાયું છે કે:

> एकाक्षरप्रदातारं यो गुरुं नाभिमन्यते ।
> श्वानयोनिशतं गत्वा चाण्डालेष्वभिजायते ॥

ગુરુ શિષ્ય વચ્ચે પ્રામાણિક મતભેદ હોઈ શકે. પરંતુ જે શિષ્ય પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે ગુરુના ગુરુપણાનો

સ્વીકાર ન કરે, ગુરુનો અવિનય, અનાદર, અપલાપ કરે, ગુરુને ઉતારી પાડવા માટે પોતાના જ્ઞાનનો અવળો ઉપયોગ કરે, ગુરુનો ત્યાગ કરી પોતાનો જુદો સંપ્રદાય કે ચોકો સ્થાપી ગુરુની વિરુદ્ધ પોતાના જ્ઞાન વડે અવળો પ્રચાર કરે તે પણ એક પ્રકારની નિહ્નવતા છે.

આમ, નિહ્નવ બે પ્રકારના છે: (૧) પ્રવચન-નિહ્નવ અને (૨) નિંદક-નિહ્નવ. પ્રવચન-નિહ્નવ કરતાં નિંદક-નિહ્નવને શાસ્ત્રોમાં વધુ નિકૃષ્ટ ગણવામાં આવ્યા છે. પ્રવચન-નિહ્નવ તો માત્ર પ્રવચનની, શાસ્ત્રની, સત્યની, જ્ઞાનની ઉત્થાપના કરે છે. નિંદક-નિહ્નવ પ્રવચનની, શાસ્ત્રની, સત્યની, જ્ઞાનની ઉત્થાપના તો કરે જ છે, પરંતુ સાથે સાથે પ્રવચનના પ્રરૂપક કેવળજ્ઞાનીની, ધર્માચાર્યની, ચતુર્વિધ સંઘની પણ ઉત્થાપના કરે છે અને કપટપૂર્વક નિંદા પણ કરે છે. પોતે જે કહે છે તે સત્યવચન છે; શાસ્ત્રો અને શાસ્ત્રકારો [illegible] છે એમ તે કહે છે. જે પ્રવચન-નિહ્નવ હોય છે [illegible] જન્માંતરમાં દેવગતિમાં જાય તો તે નવ ગ્રૈવેયક સુધી જાય છે, પરંતુ જે નિંદક-નિહ્નવ હોય છે તે તો [illegible] નીચામાં નીચી [illegible] દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

[illegible] બંને નિહ્નવોનો સામાન્ય અર્થ તો આપ

નીય કર્મના પ્રભાવને કારણે માણસની શ્રદ્ધા ડગી જાય છે, વિવેકાદિ લુપ્ત થઈ જાય છે, ચિત્ત દુર્વિચારોમાં ફસાઈ જાય છે અને મિથ્યા દૃષ્ટિનો ઉદય થાય છે ત્યારે તેનામાં નિહ્નવતા જન્મે છે; તે નિહ્નવ બને છે. ક્યારેક મિથ્યા દૃષ્ટિ ચાલી જાય છે, જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે અને શ્રદ્ધા સ્થિર તથા દૃઢ બને છે, ત્યારે તે નિહ્નવ મટી જાય છે. ક્યારેક તે જીવનપર્યંત નિહ્નવ રહે છે અને દુર્ગતિને પામે છે.

સાત નિહ્નવોમાં સાત જુદા જુદા પ્રકારની મિથ્યા દૃષ્ટિ ઉદય પામી હતી. 'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે:

वहुरय-पएस-अव्वत्त-समुच्छ-दुग-तिग-अवद्धिआणं च।
एएसिं निग्गमणं वोच्छामि जहाणुपुव्वीए॥

આ સાત મિથ્યા દૃષ્ટિ તે બહુરત (બહુરય), પ્રદેશ (પએસ), અવ્યક્ત (અવ્વત્ત), સામુચ્છેદિક (સમુચ્છ), દ્વિક્રિય (દુગ), ત્રિરાશિક (તિગ) અને અબદ્ધિક (અબદ્ધિઅ) છે.

આ મિથ્યા દૃષ્ટિ ક્યાં, ક્યારે, કોને અને કેવી રીતે ઉત્પન્ન થઈ તે આપણે જોઈએ.

પ્રથમ નિહ્નવ: જમાલિ

'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે:

चोद्दस वासाणि तया जिणेण उप्पाडियस्स नाणस्स।
तो बहुरयाण दिट्ठी सावत्थीए समुप्पन्ना॥

ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ચૌદ વર્ષ વીત્યાં પછી શ્રાવસ્તિ નગરીમાં 'બહુરત' દૃષ્ટિ ઉત્પન્ન થઈ.

ભગવાન મહાવીરના સમયમાં એમનાં વચનોમાં શંકા કરનાર સૌથી પહેલા નિહ્નવ તે જમાલિ હતા. જમાલિ એમના ભાણેજ હતા અને એમના જમાઈ પણ હતા. જૈન શાસ્ત્રગ્રન્થોમાં ઐતિહાસિક વાસ્તવિકતાનું કેટલું નિષ્ઠાપૂર્ણ નિરૂપણ થયું છે તે આ ઘટના બતાવે છે. તીર્થંકર ભગવાનની વાત વર્ણવવામાં આવે એટલે બધું ચમત્કારપૂર્ણ, સમોજ્જવલ વર્ણન જ હોય એવું નથી; પરંતુ ઘટનાઓ જે રીતે બની હોય તે રીતે એનું આલેખન કરવામાં આવ્યું હોય છે.

જમાલિ મગધમાં ક્ષત્રિયકુંડના વતની હતા. તેઓ જાતે ક્ષત્રિય હતા. ભગવાન મહાવીરનાં બહેન સુદર્શનાના

[illegible]

[illegible] ૫૦૦ [illegible] ૧૦૦૦ [illegible]

ભગવાન મહાવીરે [illegible] વિહાર કર્યો. તેમની સાથે જમાલિ મુનિ, પ્રિયદર્શના સાધ્વી અને બીજાં સાધુ-સાધ્વીઓ પણ હતાં. ભગવાન મહાવીરની આજ્ઞા [illegible] વિહાર કરવા લાગ્યા. જમાલિ મુનિ [illegible] પણ

ધરાવતા હતા. તેઓ વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરવા લાગ્યા. સાથે સાથે શાસ્ત્રોનું અધ્યયન પણ કરવા લાગ્યા. સાધુઓની સામાચારીનું પાલન કરવામાં તેઓ અપ્રમત્ત રહેતા. તેમનો સમય જ્ઞાન અને ધ્યાનમાં સારી રીતે પસાર થતો. એમ કરતાં તેઓ અગિયાર અંગના જાણકાર થયા. આથી તેમને ૫૦૦ સાધુ અને ૧૦૦૦ સાધ્વીઓના અધિપતિ બનાવવામાં આવ્યા. અધિપતિ થયા એટલે જમાલિ મુનિને ભગવાનથી છૂટા પડી પોતાનો જુદો વિહાર કરવાની ઇચ્છા થવા લાગી. એક દિવસ તેમણે ભગવાન મહાવીરને વંદન કરીને કહ્યું: "ભન્તે! મને હવે જુદો વિહાર કરવાની અનુજ્ઞા આપો." પરન્તુ તેમાં કંઈ લાભ નહીં દેખાયો હોય તેથી ભગવાને કંઈ ઉત્તર આપ્યો નહિ. માત્ર મૌન ધારણ કર્યું. પરન્તુ જુદો વિહાર કરવાની ઉત્કટ ભાવનાને લીધે જમાલિ મુનિ ભગવાનને સમજી શક્યા નહિ. ભગવાને ના પાડી નથી માટે જુદો વિહાર કરવાની સંમતિ છે એમ સમજી પોતાના પરિવાર સહિત તેમણે બીજે વિહાર ચાલુ કર્યો.

એમ કરતાં કરતાં એક દિવસ તેઓ શ્રાવસ્તિ નગરીમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે એક ઉદ્યાનમાં સ્થિરતા કરી. શ્રાવસ્તિમાં હતા ત્યારે એક દિવસ તેમને વધુ પડતો આહાર લેવાયાને કારણે, ઉષ્ણ જ્વર થઈ આવ્યો. ધીમે ધીમે તાવ વધવા લાગ્યો અને અસહ્ય બની ગયો. તેમનામાં બેસવાની શક્તિ પણ ન રહી. એટલે તેમણે પોતાના શિષ્યોને

આજ્ઞા કરી, "મારે માટે સંથારો કરો." સાધુઓ સંથારો (પથારી) કરવાના કામમાં લાગ્યા. પણ જમાલિને તાવ એટલો વધ્યો હતો કે એમણે ક્ષણ વારમાં જ ફરીથી પૂછ્યું: "મારે માટે સંથારો કર્યો કે નહિ?" સાધુઓએ કહ્યું: "સંથારો કરાય છે." થોડીક ક્ષણમાં જમાલિએ ફરીથી પૂછ્યું અને સાધુઓએ એ જ જવાબ આપ્યો, કે 'સંથારો કરાય છે."

આ સાંભળી જમાલિ વિચાર કરવા લાગ્યા કે, ભગવાન મહાવીરનું કથન: चलेमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए, जाव निज्जरिज्जमाणे निज्जिणे।–મિથ્યા છે, કારણ કે તે અનુભવથી વિરુદ્ધ છે. તાવની ગરમી, અહંકાર અને આવેશને કારણે જમાલિમુનિ સમ્યક્ત્વથી ચલિત થઈ ગયા.

જમાલિએ પોતાના સાધુઓને બોલાવીને કહ્યુ કે, "ભગવાન મહાવીર જે એમ કહે છે કે 'જે કર્મ ચલિત થતું હોય, ક્ષીણ થતું હોય અથવા આત્માથી છૂટું પડતું હોય તે કર્મ ચલિત થયું, ક્ષીણ થયું અથવા આત્માથી છૂટું પડ્યું એમ કહી શકાય.'–એ કથન અસત્ય, અસંભવિત અને અનુભવ-વિરુદ્ધ છે, કારણ કે, તમે સંથારો કરો છો ત્યારે, 'સંથારો કરાય છે' એમ કહો છો. 'સંથારો કર્યો' એમ કહેતા નથી. પ્રત્યક્ષ પ્રમાણથી પણ આ સિદ્ધ થઈ શકે છે. આવી રીતે ભગવાન મહાવીર क्रियमाणं कडं (કરાતું હોય તે કરાયું છે.) વગેરે જે કહે છે તે વચનોમાં

મને શ્રદ્ધા બેસતી નથી, કારણ કે અનુભવ એમ કહે છે કે. क्रियमाणं क्रियमाणं (કરાતું છે તે કરાતું છે.) અને कडं कडं (કરાયું છે તે કરાયું છે.) માટે ચાલુ ક્રિયાને પૂર્ણ ક્રિયા તરીકે ઓળખાવવી તે અયોગ્ય છે."

જમાલિએ જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે એમના કેટલાક શિષ્યોને એમની વાત સારી લાગી. બીજા કેટલાક શિષ્યોને તેમની વાત સ્વીકાર્ય ન લાગી. જમાલિના શિષ્યોના આમ બે પક્ષ પડી ગયા.

તે કાર્યને માત્ર સ્થૂલ દૃષ્ટિથી જોશો તો દેખાશે, પરંતુ તેને સ્થૂલ દૃષ્ટિથી જોવાનું નથી. એ દૃષ્ટિએ જોશો તો અસત્કાર્યને પણ એ દોષ લાગુ જ પડશે."

"વળી, પ્રથમ સમયે જ કાર્યની ઉત્પત્તિ થાય એમ માનવામાં કાર્ય માટે ઘણા લાંબા કાળને માનવો પડશે. પરંતુ તે કાળ તે કાર્યનો હમેશાં સંભવતો નથી, એટલે પ્રથમ સમયે કાર્યની ઉત્પત્તિ સંભવતી નથી. વળી તમને ક્રિયા નિષ્ફળ થતી લાગે છે, કારણ કે તમે એક જ કાર્ય માટે ક્રિયાને અનેક સમય સુધી ચાલતી માનો છો. પરંતુ ક્રિયા નિષ્ફળ થતી નથી, કારણ કે પ્રત્યેક સમયની ક્રિયા પોતાનું સ્વતંત્ર કાર્ય કરે છે, અને પોતાનું કાર્ય કરી તે વિરામ પામે છે. માટે ઘણા કાળ સુધી તે ચાલુ દેખાવાનો પ્રશ્ન જ સંભવતો નથી."

આમ, જમાલિ સાથે મુનિઓને ઘણા દિવસ સુધી ચર્ચા ચાલી. ઘણી જુદી જુદી રીતે સમજાવવા છતાં જમાલિ માન્યા નહિ ત્યારે કેટલાક સ્થવિર સાધુઓ જમાલિને છોડીને ભગવાન પાસે ચાલ્યા ગયા. ભગવાન તે સમયે ચંપાપુરીમાં બિરાજમાન હતા. સાધુઓએ આવીને જે કંઈ ઘટના બની તે ભગવાનને જણાવી.

દરમ્યાન જમાલિ, પોતાની સાથે રહેલા પોતાના શિષ્યો સાથે ભગવાન મહાવીરના એ વચન વિરુદ્ધ બહુ પ્રચાર કરવા લાગ્યા. પ્રિયદર્શના સાધ્વીજી (જમાલિનાં

પ્રિયદર્શનાની કોઈ વાત સ્વીકારી નહિ. એથી પ્રિયદર્શના સાધ્વીજી જમાલિમુનિથી છૂટાં પડચાં. પોતાના સાધ્વી-સમુદાય સાથે વિહાર કરી ભગવાન મહાવીર પાસે આવી, પ્રાયશ્ચિત્ત કરીને તેઓ ભગવાનના સમુદાયમાં જોડાઈ ગયાં.

જમાલિમુનિ પોતાના મતનો અભિમાનપૂર્વક પ્રચાર કરવા લાગ્યા. એક દિવસ એમને ઇચ્છા થઈ કે, ભગવાન મહાવીરની સાથે પોતે ચર્ચા કરે કે જેથી પોતાની પ્રતિષ્ઠા વધે. તેઓ ચંપાપુરીમાં ભગવાન મહાવીર પાસે આવ્યા. ભગવાનને વંદન કર્યાં વિના તેઓ ઊભા રહ્યા અને કહ્યું: "હું આપના બીજા શિષ્યો જેવો છદ્મસ્થ નથી. મને કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું છે. હું સર્વજ્ઞ છું; જિન છું; અર્હન્ છું."

જમાલિનાં એ વચનો સાંભળી ભગવાન મહાવીર મૌન રહ્યા. પરન્તુ એમના ગણધર ગૌતમસ્વામી જે ત્યાં બિરાજમાન હતા તેમણે જમાલિને કહ્યું: "હે જમાલિ, જેને કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય છે તેઓ ત્રણે કાળના સર્વ ભાવોને જાણી શકે છે. તેમને થયેલું જ્ઞાન ક્યારેય ઓછું થતું નથી કે નાશ પામતું નથી. પરંતુ તમે તો ભીંત પાછળ શું થઈ રહ્યું છે કે થોડી વાર પછી શું થવાનું છે તે પણ જોઈ શકતા નથી કે જાણી શકતા નથી. જો તમને કેવળજ્ઞાન થયું હોય તો મારા બે પ્રશ્નના ઉત્તર આપો. લોક નિત્ય છે કે અનિત્ય? અને જીવ નિત્ય છે કે અનિત્ય? તે કહો."

ગૌતમસ્વામીના આ પ્રશ્નો સાંભળી જમાલિ વિચારમાં પડી ગયા. કાંઈ જવાબ ન સૂઝ્યો. એટલે પોતાના કેવળજ્ઞાન અને કેવળદર્શન વિષે તેમને શંકા થવા લાગી. કંઈ પણ જવાબ આપવા જતાં પોતે બંધાઈ જશે અને મુશ્કેલીમાં મુકાશે એવો ભય તેમને લાગ્યો. તેઓ કંઈ પણ ઉત્તર આપ્યા વગર લાંબા સમય સુધી મૌન રહ્યા.

તેમની મૂંઝવણ જોઈ ભગવાન મહાવીરે વત્સલ વાણીમાં કહ્યું: "હે જમાલિ, મારા શિષ્યોને કેવળજ્ઞાન કે કેવળદર્શન થયું નથી, તો પણ સ્યાદ્‌વાદ દૃષ્ટિથી આ પ્રશ્નોના ઉત્તર તેઓ આપી શકે એમ છે. તું મિથ્યાભિમાનથી વ્યાકુલ છે, માટે આવા સરલ પ્રશ્નોના ઉત્તર પણ તને સૂઝતા નથી. લોક અને જીવ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળમાં હોય છે. માટે એક અપેક્ષાએ–સ્વદ્રવ્યની અપેક્ષાએ–તે નિત્ય અથવા શાશ્વત છે. લોક અને જીવ હમેશાં એક જ સ્વરૂપે રહેતા નથી. તેમાં ક્ષણે ક્ષણે પરિવર્તન થયા કરે છે. એટલે બીજી એક અપેક્ષાએ–પર્યાયોની અપેક્ષાએ–અનિત્ય અથવા અશાશ્વત છે."

ગૌતમસ્વામીએ અને ભગવાન મહાવીરે સમજાવ્યા છતાં જમાલિ કશું સમજ્યા નહિ. કશું પણ બોલ્યા વગર જમાલિ ત્યાંથી ચાલ્યા ગયા. તેમણે પોતાના મતનો જ મિથ્યાભિમાનથી પ્રચાર કર્યો. જમાલિ મુનિ જાણી જોઈને મિથ્યા આગ્રહથી સત્યજ્ઞાનને છુપાવે છે એમ જ્યારે જણાયું

ત્યારે જમાલિને 'નિહ્નવ' તરીકે ઓળખાવવામાં આવ્યા. અને તેમને શ્રમણ સમુદાયમાંથી બહાર મૂકવામાં આવ્યા.

જમાલિ આ રીતે પ્રથમ નિહ્નવ તરીકે ઓળખાયા.

ભગવાન મહાવીરથી છૂટા પડ્યા પછી જમાલિએ પોતાના મતમાં બીજા લોકોને ખેંચવા માટે ઘણા પ્રયત્નો કર્યો. લોકોને પ્રભાવિત કરવા માટે તેઓ ઘણી મોટી મોટી તપશ્ચર્યાઓ કરવા લાગ્યા. છેવટે ૧૫ દિવસની સંલેખના કરી, અનશનપૂર્વક તેઓ કાળધર્મ પામ્યા. મિથ્યાત્વના ઉદયના કારણે કાળધર્મ પામી તેઓ છઠ્ઠા દેવલોકમાં કિલ્બિષક નામના હલકી જાતિના દેવ તરીકે ઉત્પન્ન થયા.

આમ, જમાલિ ભગવાન મહાવીરના શાસનમાં, ભગવાનની હયાતીમાં જ પ્રથમ નિહ્નવ થયા. બૌદ્ધ સંઘમાં, ભગવાન બુદ્ધની હયાતીમાં જેમ એમનો સગો દેવદત્ત પ્રથમ 'સંઘભેદક' થયો એવી રીતે જમાલિ પ્રથમ નિહ્નવ થયા. પંડિત સુખલાલજીએ લખ્યું છે: "સગપણને લીધે મહત્તા પારખવાની ઊણપ, જન્મસિદ્ધ ક્ષત્રિય સ્વભાવની ઉગ્રતા અને પોતાના ગુરુ સમક્ષ પોતાના સિવાય બીજાઓનું પ્રધાનપણું—એ ત્રણ કારણોને લીધે જમાલિ અને દેવદત્તને પોતાના ગુરુ સાથે મતભેદ થયો. એ બન્નેએ પોતાનો જુદો સંપ્રદાય સ્થાપ્યો પરન્તુ એ બન્ને પોતાના ગુરુની હયાતીમાં જ કાળધર્મ પામ્યા અને એમના

સંપ્રદાયોનું મૂળ [illegible] મતનું નથી એ પરથી [illegible] કે, તે સંપ્રદાયો [illegible] નહિ હોય."

જૈન શાસનમાં જમાલિને 'નિહ્નવ' તરીકે ઓળખાવવામાં આવ્યા છે અને ગોશાલકને નહિ તેનું કારણ એ છે કે ગોશાલક ભગવાન મહાવીરની સાધક અવસ્થામાં સાથીદાર હતો પરંતુ પાછળથી ભગવાન મહાવીરથી છૂટા પડી એણે પોતાનો 'આજીવક' સંપ્રદાય સ્થાપ્યો હતો. એમાં સ્વસંપ્રદાયમાં આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો પ્રશ્ન નહોતો કે જ્ઞાનને છુપાવવાનો પ્રશ્ન નહોતો. આથી ગોશાલકને નિહ્નવ તરીકે ઓળખાવવામાં આવતો નથી.

ભગવાન મહાવીરની પૂર્વે ઋષભદેવથી ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના સમય સુધી કોઈ નિહ્નવો નથી થયા. તેનું કારણ એ છે કે તે સમયે જીવન ઋજુ અને સરળ હતું. એટલે જ્ઞાન ગોપાવવાના કે આજ્ઞાનું ઉલ્લંઘન કરવાના પ્રશ્નો ત્યારે નહોતા. ભગવાન મહાવીર સ્વામીના સમયમાં ચોથો આરો પૂરો થવા આવ્યો હતો. એટલે જીવન વક્ર અને જડ થવા લાગ્યું હતું. એટલે નિહ્નવોની વાત ભગવાન મહાવીર સ્વામીના સમયથી ચાલુ થાય છે.

જમાલિએ પોતે જે જુદો સંપ્રદાય સ્થાપ્યો, તે 'બહુરત' સંપ્રદાય તરીકે ઓળખાયો. જમાલિના પ્રભાવથી ઘણા માણસો તેમાં ખેંચાયાં હતા. માટે તે સંપ્રદાય 'બહુરત' કહેવાયો. વળી જમાલિની માન્યતા અનુસાર કોઈ

પણ કાર્યની ઉત્પત્તિ ઘણે કાળે થાય છે આવા ...
પણ તે 'બહુરત' સંપ્રદાય કહેવાયો.

ભગવાન મહાવીરના જમાઈ જમાલિ પ્રથમ નિહ્નવ તરીકે ઓળખાયા. ભગવાન મહાવીરની હયાતી દરમ્યાન, ભગવાનના અંતેવાસીઓમાં જેને અજ્ઞાન અને અહંકારને કારણે મિથ્યા દૃષ્ટિ ઉત્પન્ન થઈ હોય તેવા નિહ્નવ તે ફક્ત જમાલિ હતા.

બીજા નિહ્નવ: તિષ્યગુપ્ત

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું તે પછીના સોળમા વર્ષે ઋષભપુર (રાજગૃહ) નગરમાં તિષ્યગુપ્તને અંતપ્રદેશવાદી એવી મિથ્યા દૃષ્ટિ ઉત્પન્ન થઈ અને તેઓ બીજા નિહ્નવ થયા.

ઘટના આ પ્રમાણે બની હતી :

રાજગૃહના ગુણશીલ નામના સુપ્રસિદ્ધ ઉદ્યાનમાં વસુગુપ્ત નામના આચાર્ય પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે પધાર્યા હતા. તેઓ ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવતા હતા અને શ્રુતકેવલી તરીકે લોકોમાં વિખ્યાત હતા. તેમના ઘણા શિષ્યોમાં તિષ્યગુપ્ત નામના એક તેજસ્વી શિષ્ય હતા. એમણે પોતાના ગુરુ પાસે અધ્યયન કરીને નવ પૂર્વનું જ્ઞાન મેળવ્યું હતું. હવે 'આત્મપ્રવાદ' નામના દસમા પૂર્વનું અધ્યયન તેઓ કરી રહ્યા હતા.

એ પૂર્વમાં આત્માના પ્રદેશો વિષે વિચારણા આવે છે. એમાં કહેવાયું છે કે, સંપૂર્ણ લોકાકાશના જેટલા પ્રદેશો છે, બરાબર તેટલા જ પ્રદેશો આત્માના છે, જીવના છે. જો લોકાકાશના જેટલા જ પ્રદેશો જીવના હોય તો પછી

શું જીવના એક પ્રદેશને જીવ કહી શકાય છે? ના, ન કહી શકાય. જીવના બે પ્રદેશોને જીવ કહી શકાય છે? ના, ન કહી શકાય. જીવના ત્રણ પ્રદેશોને જીવ કહી શકાય છે? ના, ન કહી શકાય. એવી રીતે જીવના સંખ્યાત કે અસંખ્યાત પ્રદેશોને પણ જીવ ન કહી શકાય. વળી એક પ્રદેશ ઓછો હોય એવા બધા પ્રદેશોને જીવ કહી શકાય છે? ના, ન કહી શકાય. પરંતુ લોકાકાશના પ્રદેશ જેટલા અખંડ અને સંપૂર્ણ પ્રદેશો હોય તેને જ જીવને જીવ કહી શકાય. ભગવાન મહાવીરના [illegible] આચાર્યની સાથે રહેતા હતા.

જીવના પ્રદેશોની આ નિષેધાત્મક વાણીએ એમનાં તિષ્યગુપ્તના મનમાં એક શંકા જગાવી. તેમને થયું કે જ્યાં સુધી છેલ્લો એક પ્રદેશ ઉમેરાતો નથી ત્યાં સુધી જીવને જીવ કહી શકાતો નથી. માટે તે છેલ્લા પ્રદેશમાં જ જીવ રહેલો છે એમ કહી શકાય. એ અંતિમ પ્રદેશમાં જ આત્મતત્ત્વ રહેલું છે એમ માની શકાય. એવી રીતે જગતના બીજા પદાર્થોમાં પણ છેલ્લા અવયવમાં જ પદાર્થત્વ રહેલું છે. માટે પદાર્થમાં પણ છેલ્લા પ્રદેશને જ પૂર્ણ વસ્તુ માની શકાય.

આ રીતે તિષ્યગુપ્તને અંત્યપ્રદેશવાદી એવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ. 'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે:

सोलस वासाणि तया, जिणेण उप्पाडियस्स नाणस्स ।
जीवपएसियदिट्ठी तो उसभपुरे समुप्पन्ना ॥

(જિનેશ્વર ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે પછી સોળ વર્ષે ઋષભપુર નગરમાં જીવપ્રદેશવાદી દૃષ્ટિ ઉત્પન્ન થઈ.)

તિષ્યગુપ્તે પોતાના ગુરુ અને બીજા સાધુઓ સાથે ઘણી ચર્ચા કરી.

આત્મા અંત્યપ્રદેશ રૂપ છે એવા તિષ્યગુપ્તના મતનું ખંડન વસુગુપ્તાચાર્ય અને બીજા સાધુઓએ બહુ સચોટતા-પૂર્વક કર્યું. તેમણે કહ્યું કે આત્મા અંત્યપ્રદેશ રૂપ છે એમ માનવામાં ઘણી બાધાઓ આવે છે, કારણ કે આત્માને કોઈ એક જ પ્રદેશ હમેશાં છેલ્લો પ્રદેશ નથી હોતો. આત્મા હમેશાં એક જ સ્થિતિમાં નથી હોતો અને આત્માના પ્રદેશોની કોઈ પણ એક બાજુએથી ગણતરી શરૂ કરતાં બીજે છેડે છેલ્લો પ્રદેશ આવે છે.

આમ જુદી જુદી અપેક્ષાએ આત્માના જુદા જુદા પ્રદેશોને છેલ્લા ગણવા પડશે. વળી આત્મપ્રદેશો હમેશાં ચલવિચલ રહ્યા કરે છે. એટલે જેને છેલ્લો પ્રદેશ ગણ્યો હોય તે પ્રદેશ થોડી વાર પછી ત્યાં છેલ્લા પ્રદેશ તરીકે હોતો નથી. આત્માના મધ્યમાં રહેલા આઠ પ્રદેશો, જેને રુચક પ્રદેશો કહેવામાં આવે છે અને જેને કર્મપુદ્ગલો સ્પર્શતા નથી તે હમેશાં એક જ સ્થિતિમાં રહેતા હોવા છતાં આત્મા જ્યારે બીજો દેહ ધારણ કરે છે ત્યારે તે પ્રદેશોના સ્થળમાં અને ક્રમમાં પણ ફેરફાર થાય છે. વળી

તે માટે મહેતાજ પણ પુરો થયો. ત્યારબાદ [illegible] મહેતાને ફરીથી કહ્યું પણ [illegible]. ત્યારે [illegible] એવા સમાચાર [illegible] અને [illegible] છે. [illegible] પોતાના મહેતાને એ [illegible] કરી [illegible] પણ [illegible] કરી.

આમ, ઘણું [illegible] ત્યાં જિનગુપ્ત [illegible] નહિ. ત્યાં તેઓ [illegible] પોતાના [illegible] ત્યાંથી [illegible] જિનગુપ્તને ઘણો આદર કર્યો.

એક પ્રકારે ત્યાં જિનગુપ્તે પોતાનો [illegible] સ્થાપ્યો. તેઓ વિહાર કરતા કરતા [illegible] વિચરતા. એક દિવસ [illegible] નામની [illegible] પધાર્યા. ત્યાં ત્યાં તેઓ વિચરતા ત્યાં ત્યાં પોતાના ઉપદેશમાં [illegible] પણ તેઓ [illegible] આચાર [illegible] તેમની [illegible] તેમની [illegible] રાખતાં જતા.

પરંતુ આભાનકપમાં જિનશ્રી નામનો એક શ્રાવક હતો. એના મનમાં આ વાત રુચી નહિ. તે જિનગુપ્તનાં વ્યાખ્યાનોમાં જતો. તેમની સેવાશુશ્રુષા કરતો. એક દિવસ તેણે જિનગુપ્તને મુનિપરિવાર સાથે પોતાને ઘેર પધારવા વિનંતી કરી. જિનગુપ્ત મુનિઓ સાથે તેને ઘેર પધાર્યા. જિનશ્રીએ તેમને આહારપાણી વગેરે વહોરવાનો લાભ

આપવા વિનંતી કરી. તિષ્યગુપ્તે સંમતિ આપી. મિત્રશ્રીએ વહોરાવવાની સર્વ સામગ્રી મંગાવી, અને મિષ્ટાન્નમાંથી બધા સાધુઓના પાત્રમાં એક એક કણ વહોરાવ્યો; તેવી રીતે પાણીનું એક એક બિન્દુ અને વસ્ત્રના તાકામાંથી એક એક તાંતણો વહોરાવ્યો.

તિષ્યગુપ્તે પૂછ્યું: "મિત્રશ્રી! તમારા આવા વિચિત્ર વર્તનનું કારણ શું? અમારો ઉપહાસ કેમ કરો છો?"

મિત્રશ્રીએ કહ્યું: "ગુરુ મહારાજ! આપની માન્યતા અનુસાર અંતિમ અવયવ એ અવયવી છે. અંતિમ અવયવ તે જ સર્વસ્વ છે. માટે મેં આપને આહાર, પાણી અને વસ્ત્રનો, દરેકનો અંતિમ અવયવ વહોરાવ્યો છે."

આ રીતે, અનેક લોકો વચ્ચે તિષ્યગુપ્ત અને મિત્રશ્રી વચ્ચે આવી વાત થઈ. મિત્રશ્રીના વચનની તિષ્યગુપ્ત ઉપર ઘણી મોટી અસર થઈ. અચાનક જ તેમની દૃષ્ટિ ખૂલી ગઈ અને તેમનો વ્યામોહ દૂર થયો. બધાંની વચ્ચે જ તેમણે પોતાના ભૂલભરેલા વિચારોનો ત્યાગ કર્યો. મિત્રશ્રીનો તેમણે ઉપકાર માન્યો. મિત્રશ્રીએ ત્યાર પછી તિષ્યગુપ્ત અને બધા સાધુઓને આહારપાણી વહોરાવ્યાં. 'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે:

रायगिहे गुणसिलए वसु चउद्दसपुव्वी तीसगुत्ते य।
आमलकप्पानयरी मित्तसिरी कूरपिण्डाई॥

(રાજગૃહી નગરીના ગુણુશીલ નામના ઉદ્યાનમાં ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનાર આચાર્ય વસુગુપ્તના શિષ્ય તિષ્યગુપ્તને આમલકલ્પા નગરીમાં મિત્રશ્રી નામના શ્રાવકે કૂરનો કણ વહોરાવીને બોધ કરાવ્યો.)

આમલકલ્પાથી વિહાર કરી તિષ્યગુપ્ત પોતાના શિષ્ય સમુદાય સાથે વસુગુપ્તાચાર્ય પાસે આવ્યા અને પોતાની ભૂલ માટે ક્ષમા માગી. ગુરુએ તેમને આનંદપૂર્વક પોતાના સમુદાયમાં પાછા લીધા. તિષ્યગુપ્ત પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ માર્ગમાં દૃઢ થયા.

એક નાની સરખી ઘટના પણ કેટલાક લોકો માટે કેવી પથદર્શક બને છે તે તિષ્યગુપ્ત અને મિત્રશ્રીના પ્રસંગ પરથી જોઈ શકાય છે.

ત્રીજા નિહ્નવ : આચાર્ય આષાઢના શિષ્યો

આર્ય આષાઢાચાર્યના શિષ્યો ત્રીજા નિહ્નવ તરીકે ઈતિહાસમાં જાણીતા છે. ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૧૪ વર્ષે શ્વેતાંબિકા નગરીમાં તેમને અવ્યક્તવાદની દૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી. 'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે :

चोद्दस दो वाससया तइया सिद्धिं गयस्स वीरस्स ।
तो अव्वत्तयदिट्ठी सेयवियाए समुप्पन्ना ॥

આર્ય આષાઢાચાર્ય એક મહાન જૈનાચાર્ય થઈ ગયા. તેઓ જ્ઞાની હતા અને લોકપ્રિય પણ હતા. તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં તેમની ઉપદેશવાણી સાંભળવા માટે અસંખ્ય લોકો એકત્ર થતા. એમના અનેક શિષ્યો હતા. તેઓ પોતાના શિષ્યોને પરિશ્રમપૂર્વક અભ્યાસ કરાવતા. એક સ્થળેથી બીજે સ્થળે વિહાર કરતા કરતા તેઓ એક વખત શ્વેતાંબિકા નગરીમાં પધાર્યા. તેઓના આગમનથી અને તેમના વ્યાખ્યાન વગેરેથી લોકોમાં ઉત્સાહ પ્રગટ્યો. લોકો એમ કહેવા લાગ્યા કે, ભગવાન મહાવીર જ્યારે આ નગરીમાં પધાર્યા હતા ત્યારે જેવો ઉત્સાહ જણાતો અને જેવું વાતાવરણ લાગતું તેવું જ આજે જાણે ફરીથી લાગે છે.

લોકોની વિનંતીથી આષાઢાચાર્યે ત્યાં વધુ સમય સ્થિરતા કરી અને સાથે સાથે પોતાના શિષ્યોમાં આગાઢ યોગ કરાવવાનો પ્રસંગ પણ તેમને પ્રાપ્ત થયો. આથી આષાઢાચાર્યનો આખો દિવસ દૈનિક ધાર્મિક ક્રિયાઓ ઉપરાંત આગાઢ યોગની ક્રિયાઓમાં પસાર થવા લાગ્યો. પ્રતિક્રમણ, પડિલેહણ, વ્યાખ્યાન, ગોચરી, સ્વાધ્યાય, અનુષ્ઠાન, શિષ્યોને વાચના, પ્રાભાતિક કાળની ક્રિયા, વેરત્તિય કાળની ક્રિયા ઈત્યાદિની સાથે સાથે સંઘના અનેક લોકોને વિવિધ પ્રકારની સૂચનાઓ વગેરે આપવામાં આચાર્યનો દિવસ બહુ પરિશ્રમપૂર્વક વીતવા લાગ્યો. રાતના પણ ઠીકઠીક સમય તેઓ ઉદ્યમશીલ રહેતા.

ઘણા દિવસના આવા પરિશ્રમની અસર આષાઢાચાર્યની તબિયત ઉપર પડી. એક દિવસ રાત્રિના સમયે એમને હૃદયમાં એકાએક સખત શૂળ ઉત્પન્ન થયું અને આચાર્ય કાળધર્મ પામ્યા. મધ્યરાત્રિનો સમય હોવાથી થાકેલા શિષ્યો બધા ગાઢ નિદ્રામાં હતા. આષાઢાચાર્યે સંથારામાં દેહ છોડ્યો, પરંતુ આસપાસ તેની કોઈને ખબર પડી નહિ. સાધુઓ કાળધર્મ પામે એટલે દેવગતિ પામે. આષાઢાચાર્ય સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ નામના દેવવિમાનમાં ઉત્પન્ન થયા.

દેવલોકમાં ઉત્પન્ન થતાં જ આષાઢાચાર્યના જીવને વિચાર આવ્યો કે, 'હું અહીં કઈ ગતિમાંથી આવ્યો?' ઉપયોગ મૂકતાં એમને જણાયું કે પોતે શ્વેતામ્બિકા

નગરીમાંથી આવ્યા છે. સાધુઓને આગાઢ યોગ તેઓ કરાવી રહ્યા હતા. વળી તેમને જણાયું કે પોતાના કાળ-ધર્મ પામવાથી સાધુઓના યોગ અધૂરા રહી જશે, કારણ કે તેમને વાચના આપી શકે તેવા કોઈ સમર્થ અધિકારી આચાર્ય હાલ ત્યાં નથી. શાસ્ત્રની આજ્ઞા છે કે યોગ શરૂ કર્યા પછી પૂર્ણ થવા જ જોઈએ; ન થાય તો મોટો અનર્થ થાય.

ઉપયોગથી તેમણે જોયું કે પોતે કાળધર્મ પામ્યા છે તેની આસપાસના કોઈને પણ હજુ ખબર પડી નથી. પોતાનો મૃતદેહ હજુ તેમનો તેમ પડેલો છે. આથી તેમને વિચાર થયો કે, 'મારા તે શરીરમાં ફરી પ્રવેશીને જો સાધુઓને હું યોગ પૂરા કરાવું તો શાસ્ત્રાજ્ઞાનું પાલન થાય અને તેઓ અનર્થમાંથી બચી જાય.' આથી તેમણે પોતાના મૃતદેહમાં પ્રવેશ કર્યો અને જાણે કશું જ બન્યું નથી તેમ, નિદ્રા પૂરી કરીને પોતે ઊઠયા હોય તેમ ઊઠીને શિષ્યોને ઉઠાડયા અને વેરત્તિયકાળની ક્રિયા શરૂ કરાવી. આમ પૂર્વવત્ બધું ચાલવા લાગ્યું અને એક પછી એક ક્રિયાઓ નિર્વિઘ્ને થવા લાગી. એમ કરતાં ઉલ્લાસપૂર્વક મુનિઓના યોગ પૂર્ણ થયા. મુનિઓને યોગનિક્ષેપની ક્રિયા અને યોગ પૂર્ણ થયાની ક્રિયા કરાવવામાં આવી.

આમ, આષાઢાચાર્યનો ઉદ્દેશ પૂર્ણ થયો. તેમને હવે એમ લાગ્યું કે યોગવહનને માટે મૃતદેહમાં પ્રવેશવાનું કાર્ય

જે પોતે કર્યું છે તેનો મુનિઓ પાસે સ્વીકાર કરી તે માટે ક્ષમાયાચના અને આલોચના કરીને તેમની વિદાય લેવી. તેમણે શિષ્યોને કહ્યું: "મારે તમારી સમક્ષ મારા દુષ્કૃત્ય માટે ક્ષમા માગવાની છે. કેટલાક દિવસ પહેલાં મધ્યરાત્રિએ કાળધર્મ પામી દેવગતિમાં હું ઉત્પન્ન થયો અને ઉપયોગ મૂકતાં જણાયું કે તમારા યોગ અધૂરા છે, એટલે શુભ ભાવથી મૃતદેહમાં પ્રવેશ કરી મેં તમને યોગની ક્રિયા પૂર્ણ કરાવી. પરન્તુ હું દેવગતિમાં ઉત્પન્ન થયો માટે ચોથા ગુણસ્થાનકે હવે વર્તું છું. છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકે વર્તતા એવા તમારી પાસે મને વંદનાદિ કરવાની જે ક્રિયા મેં કરાવી તે અયોગ્ય છે. મારા તે પાપને માટે હું તમને ત્રિવિધેત્રિવિધ ખમાવું છું, મિચ્છામિ દુક્કડમ્ ઇચ્છું છું અને હવે જવા માટે તમારી અનુજ્ઞા માગું છું."

આમ કહી આષાઢાચાર્ય દેવ તરત અંતર્ધાન થઈ ગયા. એમનો મૃતદેહ ત્યાં પડી રહ્યો. આ ઘટનાથી બધા જ સાધુઓ એકદમ આશ્ચર્યચકિત થઈ ગયા. સ્વસ્થ થતાં તેઓએ આચાર્યના મૃતદેહની પરિષ્ઠાપનની ક્રિયા કરી.

આષાઢાચાર્ય દેવના કાર્યથી આશ્ચર્યચકિત થયેલા એમના શિષ્યોના ચિત્તમાંથી આ દૃશ્ય ખસતું ન હતું. એની કેટલાકના મન ઉપર સારી અસર પડી અને કેટ-લાકના મન ઉપર માઠી અસર પડી. કેટલાકે કહ્યું કે, 'ગુરુમહારાજ કેવા પરમ ઉપકારી કે દેવગતિમાં ગયા છતાં ત્યાંથી આવીને આપણા યોગ પૂરા કરાવ્યા.'

[illegible] [illegible] સાધુઓ [illegible] રીતે તેઓ [illegible] કે આત્મા [illegible] ગુણસ્થાને હોય છે [illegible] અવિ- [illegible] હોય છે અને વધુમાં વધુ સાતમા ગુણસ્થાને હોય છે. માટે સાધુઓ દેવોને વંદન કરે નહિ. આપણે આષાઢાચાર્ય દેવગતિમાં ગયા એટલે અવિરતિ થયા. એમને આપણાથી વંદન ન થાય. એ તો સારું થયું કે આષાઢાચાર્ય દેવે આપણને બધી વાતનો ખુલાસો કર્યો. પરન્તુ ખરેખર સાધુ ન હોય અને દેવ હોય અને તે વૈક્રિય લબ્ધિથી સાધુનો વેષ ધારણ કરીને આવે અને આપણે એમને વંદન કરીએ તો આપણને દોષ લાગે. કોણ સાધુ અને કોણ દેવ છે એની આપણને કેવી રીતે ખબર પડે? માટે સારો અને સહીસલામત રસ્તો એ છે કે આપણે હવેથી કોઈ સાધુને વંદન કરવાં નહિ.

આવી શંકા કરનાર સાધુઓ 'અવ્યક્તવાદી સાધુ' તરીકે ઓળખાવા લાગ્યા.

સ્થવિર સાધુઓએ તેઓને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા. તેઓને કહ્યું કે કોઈ સાધુ પોતે સાધુ છે કે દેવ તેની શંકા થાય તો તેમને જ પૂછી જોવું, કારણ કે સાધુઓ કોઈ દિવસ અસત્ય બોલે નહિ. તેની સામે દલીલ કરતાં તે સાધુઓએ કહ્યું કે સાધુઓ અસત્ય ન બોલે તે સાચું, પરન્તુ દેવને તો સત્યનું વ્રત હોતું નથી. અને આપણી

મશ્કરી કરવા માટે કોઈ દેવ અસત્ય બોલે તો આપણને શી રીતે ખબર પડે?

સ્થવિર સાધુઓએ બીજી દલીલ કરતાં કહ્યું કે, "શાસ્ત્રોમાં કહ્યું છે કે બાહ્ય ક્રિયાઓથી વિશુદ્ધ એવા મુનિને તે દેવ હોય તો પણ વિશુદ્ધ ભાવથી વંદન કરનાર વિશુદ્ધ જ છે."

जई जिणमयं पमाणं मुणित्ति ता वज्झकरणसंसुद्धं ।
देवंपि वंदमाणो विसुद्धभावो विसुद्धो उ ॥

મન વિશુદ્ધ હોય પરન્તુ અજાણતાં કાંઈક અશુદ્ધ આચરણ થઈ જાય તો પણ તે વિશુદ્ધ જ છે. આચરણ શુદ્ધિપૂર્વક કર્યું હોય, પરન્તુ મન અશુદ્ધ હોય તો તે અશુદ્ધ જ છે. જો પ્રત્યેક વસ્તુમાં શંકા કરીએ તો વ્યવહાર ચાલશે જ નહિ. જિન-પ્રતિમાને તમે વંદન કરો પરન્તુ તમને શંકા થાય કે તેમાં કોઈ દેવે વાસ તો નહિ કર્યો હોય? અને એટલા માટે તમે વંદન કરવાનું છોડી દેશો તો તે અયોગ્ય જ થશે. દરેક બાબતમાં પાકો નિર્ણય થયા પછી જ પ્રવૃત્તિ કરવાનું વિચારશો તો કશી પ્રવૃત્તિ કરી જ નહિ શકો. આપણે છદ્મસ્થ છીએ એટલે આપણી ઘણી પ્રવૃત્તિઓ વ્યવહારનયને અનુસરીને જ કરવાની હોય છે.

આમ સ્થવિર સાધુઓએ અવ્યક્તવાદી સાધુઓને ઘણું સમજાવ્યા છતાં તેઓ સમજ્યા નહિ. પોતાના મતનો આગ્રહ રાખી વડીલ સાધુઓને વંદન કરવાનો વ્યવહાર

સાધુઓએ કહ્યું: "અમે પંચમહાવ્રતધારી સાધુઓ છીએ. સંયમનું પાલન કરીએ છીએ. અમારા વડીલ સાધુઓ સાથે અમારે મતભેદ થયો માટે જુદા વિચરીએ છીએ."

સાધુઓના મતભેદની વિગતો જાણી રાજાએ કહ્યું: "તમારો અવ્યક્તવાદ તમને જ નડે એમ છે. તમે ચોર-ડાકુ નથી પણ સાધુઓ જ છો એમ પુરવાર કરવું તમારા માટે અઘરું છે. માટે મારી સલાહ છે કે તમે અવ્યક્ત-વાદ છોડી દો."

સાધુઓ સમજી ગયા કે પોતાની અવ્યક્તવાદી દૃષ્ટિ વ્યવહારમાં ઝાઝો સમય ટકી શકે એમ નથી. પોતાની એ દૃષ્ટિ હવેથી તેઓ છોડી દે છે એમ તેઓએ રાજાને જણાવ્યું. રાજાએ તેમની ક્ષમા માગી. ત્યાર પછી એ સાધુઓ પોતાના વડીલ સાધુઓ પાસે ગયા. તેમણે પોતાની મિથ્યા દૃષ્ટિ છોડી દીધી, ક્ષમા માગી, પ્રાયશ્ચિત્ત લઈ આત્મશુદ્ધિ કરી અને પોતાના સમુદાયમાં તેઓ પાછા ભળી ગયા.

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે:

सेयवि-पोलासाढे जोगे तद्दिवसहिययसूले य।
सोहम्मनलिनीगुम्मे रायगिहे मुरियबलभद्दे ॥

[શ્વેતામ્બિકાના પોલાષાઢ નામના ચૈત્યમાં યોગ ચાલુ હતા ત્યારે તે દિવસે હૃદયના શૂળથી સૌધર્મ દેવ-લોકમાં નલિનીગુલ્મ વિમાનમાં (આર્ય આષાઢાચાર્ય) ઉત્પન્ન થયા. ત્યાર પછી રાજગૃહી નગરીમાં તેમના શિષ્યોને મૌર્ય બલભદ્રે સમજાવ્યા.]



તેમણે છોડી દીધો. પરિણામે સ્થવિર સાધુઓએ એવા સાધુઓને સમુદાય બહાર કાઢ્યા.

આ અવ્યક્તવાદી સાધુઓ સ્થવિર સાધુઓથી છૂટા પડી વિહાર કરતા કરતા રાજગૃહ નગર તરફ જવા લાગ્યા. રાજગૃહમાં તે સમયે બલભદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તે જૈન ધર્મ પાળતો હતો. એને ખબર પડી કે કેટલાક સાધુઓ પોતાના સમુદાયમાંથી છૂટા પડી અવ્યક્તવાદ નામનો જુદો મત સ્થાપવા લાગ્યા છે. તેમની કસોટી કરવા માટે એણે ઉપાય વિચાર્યો. એણે પોતાના સિપાઈઓને આજ્ઞા કરી કે એ સાધુઓ નગરમાં પ્રવેશ કરે ત્યારે તેમને પકડીને પોતાની સમક્ષ લાવવા. સાધુઓએ રાજગૃહમાં પ્રવેશ કર્યો કે તરત જ તેમને પકડી લેવામાં આવ્યા. રાજા સમક્ષ તેમને ઊભા કરવામાં આવ્યા. રાજાએ હુકમ કર્યો: "સિપાઈઓ! સાધુના વેશમાં આ બધા દુષ્ટ ચોરડાકુઓ છે. એમને હાથીના પગ નીચે કચડાવીને મારી નાખો."

રાજાના હુકમથી સાધુઓ ગભરાયા. તેમણે કહ્યું: "રાજન, અમે જૈન સાધુઓ છીએ. અમે જાણીએ છીએ કે સાધુઓ પ્રત્યે તમને અત્યંત પૂજ્યભાવ છે. અમે દુષ્ટ કે ચોરડાકુ નથી, પણ સાધુઓ છીએ."

રાજાએ કહ્યું: "તમે સાધુઓનાં કપડાં પહેર્યાં એટલે સાધુ થઈ ગયા? મને શી રીતે ખબર પડે કે તમે ચોરડાકુ નથી અને સાધુઓ જ છો?"

ચોથા નિહ્નવ : અશ્વમિત્ર

ચોથા નિહ્નવ તરીકે આર્ય અશ્વમિત્રને ઓળખાવવામાં આવે છે. ભગવાન મહાવીરના નિર્વાણ પછી બસો વીસ વર્ષે મિથિલા નગરીમાં અશ્વમિત્રને ક્ષણિકવાદી સામુચ્છેદિક મિથ્યા દૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી. 'આવશ્યક નિર્યુક્તિ'માં લખ્યું છે કે :

वीसा दो वाससया तइया सिद्धिं गयस्स वीरस्स ।
सामुच्छेइयदिट्ठी मिहिलपुरीए समुप्पन्ना ॥

[ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી બસો વીસ વર્ષે મિથિલાપુરીમાં સામુચ્છેદિક દૃષ્ટિ ઉત્પન્ન થઈ.]

મિથિલા નગરીમાં આર્ય મહાગિરિ નામના આચાર્ય હતા. એમના શિષ્ય તે કૌડિન્ય અને કૌડિન્યના શિષ્ય તે અશ્વમિત્ર હતા. અશ્વમિત્ર સ્વાધ્યાયમાં ખૂબ તત્પર રહેતા. તેઓ ગુરુમહારાજ પાસે આગમગ્રન્થોમાંથી એક પછી એક અંગનો અભ્યાસ કરતા હતા.

તેમણે હવે દૃષ્ટિવાદ નામના અંગના ૧૪ પૂર્વનો અભ્યાસ ચાલુ કર્યો હતો. એમાં હવે 'અનુપ્રવાદ' નામનો ચાલતો હતો. એ પૂર્વમાં નૈપુણિક વસ્તુનું અધ્યયન

થાલી રહ્યું હતું. એમાં નારકીના જીવોને લગતી નીચે પ્રમાણે એક ગાથા આવે છે:

पडुपन्नसमय नेरइया सव्वे वोच्छिज्जिस्संति ।
एवं जाव वेमाणियत्ति एवं बीयाईसमयेसु वि वत्तव्वं ॥

પ્રત્યુત્પન્ન સમયના સર્વ નારકીઓ વિનાશ પામશે. એ પ્રમાણે વૈમાનિક દેવો પણ પ્રથમ સમયના વિનાશ પામશે. એ પ્રમાણે બીજા, ત્રીજા સમયમાં પણ કહેવું.

એના સંદર્ભમાં શાસ્ત્રકારે એવી મતલબનું લખ્યું છે કે જગતમાં પ્રથમ સમયે વર્તતા સર્વ પદાર્થો નાશ પામે છે. તેવી રીતે બીજા સમયે વર્તતા સર્વ પદાર્થો પણ નાશ પામે છે. તેવી રીતે ત્રીજા સમયે વર્તતા સર્વ પદાર્થો પણ શ પામે છે. એમ પ્રત્યેક સમયે વર્તતા સર્વ પદાર્થો શ પામે છે.

આ ગાથાનો અર્થ ગુરુએ સમજાવ્યો ત્યારે અશ્વ-ત્રે એવી દલીલ કરી કે આ ગાથા પ્રમાણે તો એવો ર્થ ફલિત થાય છે કે જગતમાં ઉત્પન્ન થયેલા સર્વ દાર્થો સર્વદા નાશ પામે છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે ગતના સર્વ પદાર્થો ક્ષણિક છે, સામુચ્છેદિક છે.

અશ્વમિત્રને સમજાવતાં ગુરુ આર્ય મહાગિરિએ કહ્યું: શાસ્ત્રમાં પદાર્થોનું પ્રતિ સમયે નાશ પામવાનું કહ્યું છે તે ત્ર એકનયની અપેક્ષાએ–ઋજુસૂત્રનયની અપેક્ષાએ કહ્યું . સર્વનયની અપેક્ષાએ તે સમજવાનું નથી, કારણ કે ન વચન સર્વનયાત્મક નથી. કોઈ પણ સમયે કેટલાક

પર્યાયનો નાશ થવાથી વસ્તુનો સર્વથા નાશ થતો નથી. દરેક વસ્તુ પર્યાયોની દૃષ્ટિએ અનંતપર્યાયાત્મક છે. નારકીના જીવોના પ્રથમ સમયે વર્તતા પદાર્થો નાશ પામે છે, તો બીજા સમયના નારકાદિ રૂપે તે ઉત્પન્ન થાય છે. એટલે જીવ દ્રવ્ય તો અવસ્થિત જ રહે છે."

અશ્વમિત્રે દલીલ કરતાં કહ્યું: "જેવી રીતે નારકીના જીવો ઉત્પન્ન થઈ બીજા સમયે નાશ પામે છે, તેવી રીતે તિર્યંચ, મનુષ્ય અને દેવના જીવો પણ ઉત્પન્ન પામી બીજે સમયે નષ્ટ થાય છે. જો આ પ્રમાણે થતું હોય તો કોઈ પણ જીવને સારા કે ખરાબ કર્મનાં ફળનો અનુભવ થઈ શકે નહિ."

આર્ય મહાગિરિએ સમજાવતાં કહ્યું: "જો પ્રત્યેક સમયે પદાર્થો નાશ પામે એમ કહ્યું છે તો બીજી બાજુ એ જ શાસ્ત્રોમાં વસ્તુને દ્રવ્યથી શાશ્વત પણ કહેલી છે. તો એ બન્ને શાસ્ત્રવચનો વચ્ચે મેળ કેવી રીતે બેસી શકે? માટે જ શાસ્ત્રો પ્રમાણે દરેક વસ્તુને પર્યાયથી ક્ષણિક અને દ્રવ્યથી નિત્ય માનવામાં આવે છે. જો તેમ ન હોય તો જગતનો વ્યવહાર જ ચાલી જ ન શકે. ઉદાહરણ તરીકે એક માણસ ભોજન લે છે. હવે જો પ્રત્યેક ક્ષણે તે નાશ પામી રહ્યો હોય તો ભોજનની તૃપ્તિ કોને થશે? તેવી રીતે એક માણસ ચાલી રહ્યો છે અને પ્રત્યેક સમયે તે નાશ પામતો હોય તો છેલ્લે થાક કોને લાગે છે? જો અલગ અલગ માણસ ગણીએ તો છેલ્લા માણસને જ

આ માટે થાક લાગવો જોઈએ? કોઈ માણસ આજે એક વસ્તુ બજારમાંથી ઉધાર વેચાતી લઈ આવે અને પાંચ દિવસ પછી પૈસા આપવા જાય તો ક્ષણિકવાદ પ્રમાણે તો ત્યારે વેચનાર અને લેનાર એમાંથી કોઈ ત્યાં હોઈ જ ન શકે. તમે શાસ્ત્રનું અધ્યયન કરો છો અને શ્રુતજ્ઞાન પામો છો, પરન્તુ પ્રત્યેક સમય તમે જો નાશવંત હો તો તમને શ્રુતજ્ઞાન થાય કેવી રીતે?"

વળી તર્કની દૃષ્ટિએ બરાબર તપાસીએ તો પ્રથમ સમયે વર્તતા પદાર્થો નાશ પામે છે એમ કહ્યા પછી શાસ્ત્રકારે 'બીજા સમયે, ત્રીજા સમયે', એવા શબ્દો કેમ વાપર્યા છે? જો બધા જ પદાર્થો નાશ પામતા હોય તો દરેક પદાર્થ માટે તે સમયે પ્રથમ સમય જ હોવો જોઈએ. કોઈને માટે તે બીજો સમય કે ત્રીજો સમય હોઈ શકે જ નહિ.

જો બધા જ પદાર્થો ક્ષણિક અને નાશવંત હોય તો મોક્ષને તમે ક્ષણિક અને નાશ-સ્વરૂપ ગણશો કે શાશ્વત અને અનાશ-સ્વરૂપ ગણશો? જો મોક્ષ નાશ-સ્વરૂપ હોય તો તે મેળવવા માટે કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી. વગર પ્રયત્ને પણ તે મળી શકે છે. જો મોક્ષ અનાશ-સ્વરૂપ હોય તો સર્વ પદાર્થો ક્ષણિક છે એમ કહી શકાશે નહિ.

નારકીના જીવો વિશે ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલો પ્રશ્ન અને ભગવાન મહાવીરે તેમને

[illegible]
છે: 'હે ભગવંત! નારકીઓ શાશ્વત છે કે અશાશ્વત?'

ભગવાને કહ્યું: "કોઈ અપેક્ષાએ શાશ્વત છે અને કોઈ અપેક્ષાએ અશાશ્વત છે."

ગૌતમસ્વામીએ પૂછ્યું: "હે ભગવંત! તે કેવી રીતે?"

ભગવાને કહ્યું: "દ્રવ્યાર્થિકપણે તે શાશ્વત છે અને પર્યાયાર્થિકપણે તે અશાશ્વત છે."

આમ, આર્ય મહાગિરિજીએ અશ્વમિત્રને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરન્તુ અશ્વમિત્ર સમજ્યા નહિ અને પોતાના જ મતનો તેમણે આગ્રહ રાખ્યા કર્યો. આ રીતે ઘણા દિવસ સુધી ચર્ચા ચાલી પરન્તુ અશ્વમિત્ર સમજ્યા નહિ એટલે આર્ય મહાગિરિએ એમને ગચ્છ બહાર કાઢ્યા. પોતાના કેટલાક શિષ્યો સાથે અશ્વમિત્ર જુદા પડ્યા અને જુદો વિહાર કરવા લાગ્યા.

વિહાર કરતાં કરતાં એક દિવસ અશ્વમિત્ર રાજગૃહી નગરી તરફ આવવા લાગ્યા. રાજગૃહીમાં તે સમયે ખંડરક્ષક નામનો એક શ્રાવક રહેતો હતો. ભગવાન મહાવીરનાં વચનોમાં તે અખૂટ શ્રદ્ધા ધરાવતો હતો. એને કાને અશ્વમિત્રના જુદા પડ્યાની વાત આવી હતી.

ખંડરક્ષક રાજ્યમાં નોકરી કરતો હતો. સિપાઈઓનો તે ઉપરી હતો. અશ્વમિત્રને કોઈ વ્યવહારુ યુક્તિપૂર્વક સમજાવવા જોઈએ એમ તેને લાગ્યું. તે માટે તેણે યોજના

ફરી. અશ્વમિત્ર અને એમના શિષ્યો રાજગૃહી નગરીમાં પ્રવેશ્યા કે તરત સિપાઈઓ તેમને પકડીને ખંડરક્ષક પાસે લઈ આવ્યા.

ખંડરક્ષકે પૂછ્યું : "તમે કોણ છો ?"

"અમે સાધુઓ છીએ. હું અશ્વમિત્ર છું. ખંડરક્ષક ! તમે અમને ભૂલી ગયા ?"

"તમે સાધુઓ નથી. પણ સાધુના વેશમાં છૂપા ચોર છો."

"અમે ચોર નથી. સાધુઓ છીએ."

"જો સાધુઓ હો તો તમે ક્યારે દીક્ષા લીધી ? ક્યાં લીધી ? કોની પાસે લીધી ?"

"અમે ઘણાં વર્ષો પહેલાં દીક્ષા લીધી છે, મિથિલા નગરીમાં, આચાર્ય મહાગિરિના શિષ્ય કૌડિન્ય પાસે."

"પણ એ તો બધી જૂની વાત થઈ. પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે સર્વથા નાશ પામે છે. મિથિલા નગરીમાં દીક્ષા લેનાર તો ક્યારના નાશ પામ્યા. અત્યારે તો તમે સાધુના વેશમાં ચોર છો, માટે તમને સજા થશે."

અશ્વમિત્ર પોતાની ભૂલ સમજી ગયા. તેમણે કહ્યું : "અમે પર્યાયદૃષ્ટિએ નાશ પામ્યા હોઈશું, પરન્તુ દ્રવ્યાર્થ દૃષ્ટિથી અમે સાધુઓ જ છીએ, ચોર નથી."

"તમે ઉભયનયમાં માનો છો ?"

"હા." અશ્વમિત્રે કબૂલ કર્યું.

[illegible]
[illegible]

ત્યાર પછી અશ્વમિત્ર પોતાના ગુરુ આર્ય મહાગિરિ પાસે ગયા અને પોતાની ભૂલ કબૂલ કરી ક્ષમા માગી. આર્ય મહાગિરિજીએ અશ્વમિત્ર અને એમના શિષ્યોને પાછા ગચ્છમાં દાખલ કરી લીધા.

'આવશ્યક નિર્યુક્તિ'માં લખ્યું છે:

मिहिलाए लच्छिघरे महगिरि कोडिन्न आसमित्ते य ।
नेउणियणुप्पवाए रायगिहे खंडरक्खा य ॥

[મિથિલા નગરીમાં લક્ષ્મીગૃહ ચૈત્યમાં મહાગિરિજી પાસે અનુપ્રવાદ પૂર્વમાં નૈપુણિક વિશે અધ્યયન કરતાં જેમને સામુચ્છેદિક દૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી તે કૌડિન્યશિષ્ય અશ્વમિત્રને રાજગૃહ નગરીમાં ખંડરક્ષકે બોધ પમાડ્યા.]

પાંચમા નિહ્નવ: ગંગાચાર્ય

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૮ વર્ષે ગંગાચાર્ય નામના પાંચમા નિહ્નવ થઈ ગયા. ઉલ્લુકાતીર નામના નગરમાં તેમને દ્વિક્રિયવાદી નામની મિથ્યા દૃષ્ટિ ઉત્પન્ન થઈ. નિર્યુક્તિકાર લખે છે:

अट्ठावीसा दो वीससया तइया सिद्धिं गयस्स वीरस्स।
दो किरियाणं दिट्ठी उल्लगतीरे समुप्पण्णा॥

[ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૮ વર્ષે ઉલ્લુકાતીરમાં દ્વિક્રિયવાદી દૃષ્ટિ ઉત્પન્ન થઈ.]

ઉલ્લુકા નામની નદીના કિનારે એક નાનું નગર હતું. તેનું નામ નદીના નામ પરથી જ પડ્યું હતું 'ઉલ્લુકાતીર.' નદી નાની હતી અને વારંવાર પોતાનો પ્રવાહ બદલતી હતી અને તેથી વખત જતાં નગર બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. સામે કિનારે જ્યાં વસ્તી હતી તે પ્રદેશ ખેડસ્થાનના નામથી ઓળખાતો હતો.

એક વખત આર્ય મહાગિરિ નામના આચાર્ય પોતાના શિષ્યો સાથે વિહાર કરતા કરતા ઉલ્લુકાતીર નગરમાં આવી પહોંચ્યા. ચાતુર્માસ માટે તેઓ ત્યાં જ સ્થિર થયા. આર્ય મહાગિરિસૂરિના એક શિષ્ય તે આર્ય ધનગુપ્તસૂરિ હતા,

અને ધનગુપ્તસુરિના એક શિષ્ય તે આર્ય ગંગાચાર્ય હતા. ગંગાચાર્યને નદીને સામે કિનારે ખેડસ્થાનમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા થઈ, જેથી તે તરફની વસ્તીને પણ લાભ મળે.

નદી નાની હતી. એમાં પાણી પણ છીછરું હતું. આર્ય ગંગાચાર્ય નદી ઓળંગીને પોતાના ગુરુને વંદન કરવા વારંવાર જતા હતા. શરદ ઋતુમાં એક વખત મધ્યાહ્નને સમયે તેઓ નદીના પાણીમાં ચાલતા હતા, ત્યારે તેમને એવો અનુભવ થયો કે સૂર્યના તાપને લીધે, એમને માથે ટાલ હોવાથી ગરમી લાગવા માંડી અને નદીના ઠંડા પાણીને લીધે પગે શીતળતાનો અનુભવ થવા લાગ્યો. આમ એકસાથે ઠંડી અને ગરમી એમ બે ક્રિયાનો અનુભવ તેમને થયો.

તેઓ કેટલાક સમયથી ચિત્તના વ્યાપારો વિષે અધ્યયન, મનન કરી રહ્યા હતા. વિશ્વમાં પૃથ્વીકાય, અપ-કાય, અગ્નિકાય, વાયુકાય વગેરે જીવોને મન હોતું નથી. એ એકેન્દ્રિય જીવો ઉપરાંત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને પણ મન હોતું નથી. પંચેન્દ્રિય જીવોમાં પણ કેટલાકને મન હોય છે, જે સંજ્ઞી પંચેન્દ્રિય તરીકે ઓળખાય છે, અને કેટલાકને મન હોતું નથી તે અસંજ્ઞી-પંચેન્દ્રિય તરીકે ઓળખાય છે.

મન એ પુદ્ગલોનો સમૂહ છે. એને દ્રવ્યમન કહે-વામાં આવે છે. એ પુદ્ગલોને મનોવર્ગણાના પુદ્ગલ તરીકે ઓળખવામાં આવે છે. એ પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ હોય છે. પુદ્ગલો દ્વારા જીવને પદાર્થોનું જ્ઞાન થાય છે, લાગણીઓનો

અનુભવ થાય છે, વિચારો ઉદ્ભવે છે, અને એ દ્વારા મનન, ચિંતન, સ્મરણ વગેરે કરી શકાય છે.

ગંગાચાર્ય શાસ્ત્રમાં આપેલા એક સિદ્ધાંત વિશે વિચાર કરતા હતા. એ શાસ્ત્રવચન છે 'जुगवं नत्थि दो उपओगा' અર્થાત્ 'મનને એકસાથે બે ઉપયોગ નથી.' ગંગાચાર્ય વિચાર કરે છે: 'મનને એકસાથે બે ઉપયોગ કેમ ન હોઈ શકે?' એક જ માણસ ઉપવનમાં બેઠો બેઠો મિષ્ટાન્નનું ભોજન કરતો હોય તે સમયે પ્રકૃતિનું સૌન્દર્ય નિહાળતો હોય, ઝરણાંનો કલકલ નિનાદ સંભળાતો હોય, પુષ્પોનો પરિમલ પ્રસરતો હોય અને શીતળ વાયુ વહેતો હોય તો એક જ સમયે પાંચે ઇન્દ્રિયોનો અનુભવ તેને થઈ શકે! નદીના પાણીમાં ચાલતાં ચાલતાં મસ્તકે ગરમી અને પગે શીતળતા અનુભવનાર ગંગાચાર્યને થયું કે, 'એકલી સ્પર્શેન્દ્રિય દ્વારા પણ ગરમી અને ઠંડી બન્નેનો અનુભવ એકસાથે થાય છે. માટે મનને એકસાથે બે ઉપયોગ નથી એવું શાસ્ત્રવચન બરાબર નથી.'

નદી પાર ઊતરીને ગંગાચાર્યે પોતાના ગુરુની પાસે જઈ વંદન કરી, પોતાને થયેલા અનુભવની વાત કરી. ગુરુએ એમને સમજાવ્યું છે કે મન સૂક્ષ્મ અને શીઘ્ર સંચરણશીલ હોય છે. જે વખતે જે ઇન્દ્રિય સાથે મન સંબદ્ધ થાય છે તે વખતે તે ઇન્દ્રિયના વિષયનું મનને જ્ઞાન થાય છે. પરંતુ જે વખતે મન તે ઇન્દ્રિય સાથે જોડાયેલું ન હોય તે વખતે મનને તે ઇન્દ્રિયના વિષયનું જ્ઞાન થતું નથી.

મન એટલું સૂક્ષ્મ છે કે તેને કોઈ પણ એક સમયે એક જ વિષયનું જ્ઞાન થાય છે. અર્થાત તેને કોઈ પણ એક સમયે એક જ ઉપયોગ હોય છે. મનને ક્યારેય એકસાથે બે ઉપયોગ હોતા નથી.

ગંગાચાર્યે કહ્યું: "મને એકસાથે શીત અને ઉષ્ણ એમ બે અનુભવો થયા તો તે કેવી રીતે ઘટી શકે?" ગુરુએ સમજાવ્યું કે આપણને એકસાથે બે ક્રિયાઓનો અનુભવ થતો હોય તેવું લાગે છે, પરન્તુ એ બન્ને ક્રિયાનો અનુભવ જુદે જુદે સમયે થાય છે. કાળ એટલો સૂક્ષ્મ છે કે બન્ને અનુભવો એકસાથે થતા હોય તેવો આપણને આભાસ થાય છે. જેમ કોઈ માણસ ફૂલની એકસાથે સો પાંદડી એકઠી કરીને ક્ષણાર્ધથી પણ ઓછા સમયમાં તેમાં સોય ભોંકીને આરપાર કાઢે તો તે સોય પ્રત્યેક પાંદડીમાંથી અનુક્રમે પસાર થતી હોય છે. કોઈ પણ બે પાંદડી વચ્ચે સોયને પસાર થવાના એ સમયને જો જુદો વિચારવામાં આવે તો તે એટલો સૂક્ષ્મ હોય છે કે તે નજરમાં પણ ન આવે. એથી પણ સૂક્ષ્મ સમયમાં મનમાં જુદી જુદી ક્રિયાનો ઉપયોગ અનુભવાતો હોય છે. પરન્તુ એ સૂક્ષ્મતા આપણી નજરમાં આવતી નથી. એકસાથે એક કરતાં વધારે ક્રિયાના અનુભવનો મનને ઉપયોગ થાય છે એવો આભાસ આપણને થાય છે.

ગંગાચાર્યે કહ્યું: "એમ ન હોઈ શકે કે એક જ સમયે એક ઉપયોગ પ્રધાન હોય ત્યારે બીજો ઉપયોગ ગૌણ હોય?

જ્યારે શીત અનુભવનો ઉપયોગ પ્રધાન હોય ત્યારે ઉષ્ણ અનુભવનો ઉપયોગ ગૌણ હોય, અને ઉષ્ણનો પ્રધાન હોય તો શીતનો ગૌણ હોય. માટે હું તો એમ જ માનું છું કે એકસાથે બે ઉપયોગ હોઈ શકે છે."

ગુરુએ તેમને સમજાવ્યું કે મનને કોઈ અનુભવ તીવ્ર અને કોઈ અનુભવ મંદ હોઈ શકે છે. પરન્તુ એકસાથે એક ગૌણ અને એક પ્રધાન એવા બે ઉપયોગો હોઈ શકતા નથી.

ગુરુએ આમ ગંગાચાર્યને જુદી જુદી રીતે સમજાવ્યા છતાં ગંગાચાર્ય સમજ્યા નહિ. પોતાનો મત છોડવાની એમણે સ્પષ્ટ ના કહી. આથી ગુરુએ તેમને ગચ્છ બહાર કાઢ્યા અને નિહ્નવ તરીકે જાહેર કર્યા.

ત્યાર પછી ગંગાચાર્ય વિહાર કરતા કરતા રાજગૃહી નગરીમાં પધાર્યા. ત્યાં, ભગવાન મહાવીરે જ્યાં ઘણી વાર ઉપદેશ આપ્યો હતો, તે મણિનાગ નામના ચોકમાં ઉપદેશ આપી પોતાની ખ્યાતિ ફેલાવવાની તેમને ઇચ્છા થઈ. પરન્તુ તેઓ જ્યારે એક સમયે અનેક ઉપયોગ હોઈ શકે એ પ્રકારનો ઉપદેશ ત્યાં આપવા લાગ્યા કે તરત જ ધરતીકંપ અને આગની એવી કોઈ દૈવી ચમત્કારિક ઘટના બની કે કે ગંગાચાર્યે પોતાનો એ મત છોડી દીધો. ત્યાં વસતા મણિનાગ નામના યક્ષે ગંગાચાર્ય સમક્ષ પ્રત્યક્ષ થઈ અવળો મત પ્રચાર કરવાનું છોડી દેવા માટે તેમને સમજાવ્યા.

છઠ્ઠા નિહ્નવ : રોહગુપ્ત

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૪૪ વર્ષે અંતરંજિકા નામની નગરીમાં રોહગુપ્ત નામના આચાર્યને ત્રૈરાશિક નામની મિથ્યા દૃષ્ટિ ઉત્પન્ન થઈ. તેઓ છઠ્ઠા નિહ્નવ ગણાયા. 'આવશ્યક નિર્યુક્તિ'માં લખ્યું છે :

पंचसया चोयाला तइया सिद्धिं गयस्स वीरस्स ।
पुरिमंतरंजियाए तेरासिय दिट्ठि उप्पन्ना ॥

[ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૪૪ વર્ષે અંતરંજિકા-પુરીમાં ત્રૈરાશિક દૃષ્ટિ ઉત્પન્ન થઈ.]

અંતરંજિકા નગરીમાં શ્રીગુપ્ત નામના આચાર્ય પધાર્યા હતા. નગરીની બહારના ભાગમાં ભૂતગૃહ નામનું એક ચૈત્ય હતું. આ ચૈત્યમાં ભૂતોનો, વ્યંતરદેવોનો વાસ છે, એમ માની લોકો તેમાં જતાં ડરતા હતા. પરન્તુ શ્રીગુપ્ત આચાર્ય સંયમના આરાધક, અનેક વિદ્યાઓના જાણકાર, નીડર અને સમતાવાળા હતા. લોકોના ચેતવવા છતાં તેઓ ભૂતગૃહમાં જઈને તેમાં ઊતર્યા અને રહેવા લાગ્યા. તેમને કંઈ પણ ઉપદ્રવ ન થયો. એટલે નગરના લોકોને આશ્ચર્ય થયું. એથી શ્રીગુપ્ત આચાર્યની સાધનાની ખ્યાતિ ચારે બાજુ પ્રસરી.

શ્રીગુપ્તના એક શિષ્યનું નામ રોહગુપ્ત હતું. એક દિવસ રોહગુપ્ત બીજે ગામથી પોતાના ગુરુને વંદન કરવા માટે અંતરંજિકા નગરીમાં દાખલ થયા ત્યારે ત્યાં એક ઘોષણા થઈ રહી હતી. એ ઘોષણા પોટ્ટશાલ નામના એક પરિવ્રાજકની હતી. પોટ્ટશાલ પોતાના પેટે લોખંડનો પટ્ટો બાંધી રાખતો હતો અને હાથમાં જંબૂ વૃક્ષની એક ડાળી રાખતો હતો. કોઈ તેને પૂછતું તો કહેતો કે પોતાના પેટમાં એટલું બધું જ્ઞાન ભરેલું છે કે જેથી પેટ ફાટી ન જાય તે માટે પોતે પેટે પાટો બાંધી રાખે છે. અને જંબૂદ્વીપમાં હજુ કોઈ તેને હરાવી શક્યું નથી, માટે વિજયની નિશાની તરીકે તે જંબૂવૃક્ષની ડાળી હાથમાં રાખે છે.

જ્યારે રોહગુપ્ત અંતરંજિકામાં આવી રહ્યા હતા ત્યારે એમણે આ ઘોષણા સાંભળી. રોહગુપ્ત તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા. વાદ કરવામાં તેઓ ઘણા કુશળ હતા. જે પક્ષ તેમને આપવામાં આવ્યો હોય તે પક્ષનું તેઓ એવું જોરદાર સમર્થન પોતાના બુદ્ધિબળ વડે કરતા કે જેથી વાદ કરવામાં તેમને કોઈ હરાવી શકતું નહિ.

રોહગુપ્તે પોટ્ટશાલને કહ્યું: "હું તારી સાથે વાદ કરવા તૈયાર છું. સમય નક્કી કરીને મને કહેજે."

ત્યાર પછી રોહગુપ્ત પોતાના ગુરુ પાસે આવ્યા અને રસ્તામાં બનેલી ઘટના કહી. ગુરુએ કહ્યું: "પોટ્ટશાલ પરિવ્રાજક સાથે વાદ કરવાનું આપણે માટે યોગ્ય નથી,

કારણ કે તે મેલી વિદ્યાઓનો ઉપાસક છે અને વાદમાં જ્યારે હારવા લાગે છે ત્યારે પોતાની વિદ્યા વડે પ્રતિવાદીને સાપ, વીંછી વગેરેના ઉપસર્ગો કરી હરાવે છે."

રોહગુપ્તે પોતાના ગુરુને કહ્યું: "મને એ વાતની ખબર નહિ, પરન્તુ મેં એને વાદ કરવાનું જે વચન આપ્યું છે તે હવે હું ન પાળું તો આપણી અને સાથે સાથે જૈન ધર્મની પ્રતિષ્ઠા જાય. માટે તમે આમાંથી કાંઈક રસ્તો બતાવો." ગુરુ પોતે ઘણી વિદ્યાઓના જાણકાર હતા. પોટ્ટશાલ જે સાત જુદી જુદી વિદ્યાઓ વડે ઉપસર્ગ કરતો હતો તેની પ્રતિવિદ્યાઓ ગુરુને આવડતી હતી. ગુરુએ તે રોહગુપ્તને શીખવી; જેમ કે પરિવ્રાજક સર્પ ઉત્પન્ન કરે તો પ્રતિ-વિદ્યાથી નોળિયો ઉત્પન્ન કરતાં સાપ નાસી જાય; પરિવ્રાજક વીંછીનો ઉપદ્રવ કરે તો પ્રતિવિદ્યા વડે મોર ઉત્પન્ન કરી વીંછીને ભગાડી શકાય.

વળી, ગુરુએ કહ્યું: "આ સાત વિદ્યા ઉપરાંત પરિ-વ્રાજક બીજા કોઈ પણ પ્રકારનો ઉપસર્ગ કરે તો હું તને આ રજોહરણ મંત્રીને આપુ છું. એ તું ઉપસર્ગ વખતે તારા મસ્તક ઉપર ફેરવશે તો તે ઉપસર્ગમાંથી તું બચી જઈશ." ગુરુએ એ પ્રમાણે પોટ્ટશાલ પરિવ્રાજકને જ્ઞાનચર્ચામાં અને મેલી વિદ્યામાં જીતવા માટે રોહગુપ્તને સારી રીતે તૈયાર કર્યો.

ગુરુને વંદન કરી નક્કી કરેલા દિવસે અને સમયે રોહગુપ્ત વાદ માટેની સભામાં આવ્યા. પરિવ્રાજકે વિચાર્યું

કે, 'રોહગુપ્ત તીક્ષ્ણ બુદ્ધિવાળા છે અને હું જે કંઈ રજૂઆત કરીશ તેનું તે સમર્થ ખંડન કરશે. માટે સારો રસ્તો એ છે કે રોહગુપ્તના જૈન સિદ્ધાંતનું જ હું પ્રતિપાદન કરું કે જેથી રોહગુપ્ત માટે દ્વિધા ઊભી થાય. મારા પ્રસ્તાવનું સમર્થન કરે તો હારી જાય, અને જૈન ધર્મના સિદ્ધાંત વિરુદ્ધ એનું ખંડન તે નહિ કરી શકે.' પરિવ્રાજકે વાદ કરતાં કહ્યું: "આ સંસારમાં રાશિ બે જ છે – એક જીવ-રાશિ અને એક અજીવરાશિ."

આ તો જૈન માન્યતા હતી. એટલે રોહગુપ્ત માટે મુશ્કેલી ભરી પરિસ્થિતિ સર્જાઈ, છતાં પરિવ્રાજકને પરાજિત કરવા માટે જ તેઓ ઊભા થયા અને કહ્યું: "સંસારમાં રાશિ બે નહિ પણ ત્રણ છે: (૧) જીવરાશિ, (૨) અજીવ-રાશિ અને (૩) નોજીવરાશિ. મનુષ્યો, પ્રાણીઓ વગેરે જીવરાશિના છે. ઘટ, પટ વગેરે અજીવરાશિના છે, અને ગરોળીની તરતની કપાયેલી તરફડતી પૂંછડી તે નોજીવ-રાશિની છે, કારણ કે તેને જીવમાં ગણી શકાય એમ નથી. અને અજીવમાં પણ તેને ગણી શકાય એમ નથી."

પરિવ્રાજકે ધાર્યું નહોતું કે રોહગુપ્ત આ પ્રમાણે જૈન સિદ્ધાંત વિરુદ્ધ દલીલ કરશે. ઘણી ચર્ચા થઈ પરંતુ રોહગુપ્તને પરાજિત કરવા પરિવ્રાજક પાસે દલીલો નહોતી.

આમ ગરોળી, કાચબો વગેરેનાં ઉદાહરણો આપીને દલીલપૂર્વક રોહગુપ્તે સંસારમાં ત્રણ રાશિ છે એમ સિદ્ધ

કરી બતાવ્યું. આથી ક્રોધે ભરાયેલા પરિવ્રાજકે પોતાની વિદ્યાઓ વડે સાપ, વીંછી, સિંહ વગેરેના ઉપદ્રવ ચાલુ કર્યો. પરન્તુ પ્રતિવિદ્યા વડે રોહગુપ્તે તેનો પ્રતિકાર કર્યો. આથી છેવટે પરિવ્રાજકે ગર્દભી વિદ્યા વડે એક ગધેડી બનાવીને રોહગુપ્ત તરફ છોડી. વેગથી ધસી આવતી, જોર-જોરથી ભૂંકતી ગધેડીથી બચવા રોહગુપ્તે ગુરુએ આપેલું રજોહરણ પોતાના મસ્તક ઉપર ફેરવ્યું. એથી ગધેડી પાછી ફરી અને પોતાને પેદા કરનાર પરિવ્રાજક તરફ ધસી. એણે પરિવ્રાજકને પછાડ્યો. પછી તેના મસ્તક ઉપર પેશાબ કરીને ગધેડી ભાગી ગઈ. આમ પરિવ્રાજક વાદમાં પરાજિત થયો. બલશ્રી રાજાએ તેને નગરપારની સજા ફરમાવી. રોહગુપ્તનો વિજય થયો. વાજતે ગાજતે તેમને લોકો ઉપાશ્રયમાં લઈ આવ્યા.

વાદસભામાં જે બધી ચર્ચા થઈ તે રોહગુપ્તે ગુરુને કહી સંભળાવી. ગુરુએ કહ્યું: "તેં પરિવ્રાજક ઉપર વિજય મેળવ્યો તે તો સારું થયું. પરન્તુ આપણે ત્રિરાશિમાં માનતા નથી, માટે હવે રાજસભામાં જઈને તારે એ વાતનો સ્વીકાર કરી લેવો જોઈએ કે સંસારમાં રાશિ ફક્ત બે જ છે, જેથી અસત્ય કથનનો દોષ તને લાગે નહિ."

વાદમાં વિજય મેળવ્યા પછી આવી કબૂલાત કરવી તે રોહગુપ્ત માટે અઘરું થઈ પડ્યું. તેમણે ઘણી આનાકાની કરી, તેમનું સ્વમાન હવે આડે આવતું હતું. જ્યારે ગુરુએ

આથી ગુરુને ખૂબ નવાઈ લાગી. તેમણે જોયું કે રોહગુપ્તમાં આ મિથ્યા દૃષ્ટિ પેદા થઈ છે. તેમણે રોહગુપ્ત સાથે ઘણી ચર્ચા કરી આ ચર્ચા ઘણા દિવસ સુધી ચાલી. પરન્તુ રોહગુપ્ત માન્યા નહિ. એટલે ગુરુએ તેમને રાજ-સભામાં વાદ કરવા આવવા માટે આહ્વાન આપ્યું. રાજ-સભામાં ગુરુએ રોહગુપ્તને નોજીવ નામની ત્રીજી રાશિ સાબિત કરવા માટે કહ્યું. રોહગુપ્ત જે કંઈ કહેતા તેનો ગુરુ સચોટ પરિવાદ કરતા. તેમણે સમજાવ્યું કે દેશભેદથી, લક્ષણભેદથી કે કર્મસિદ્ધાંતની દૃષ્ટિએ નોજીવનું અસ્તિત્વ ટકી શકતું નથી. આ રીતે રાજસભામાં રોજ ચર્ચા થવા લાગી.

એમ કરતાં કરતાં છ માસ વીતી ગયા. પરન્તુ ચર્ચાનો અંત આવ્યો નહિ. રાજાએ ઉતાવળ કરાવી એટલે ગુરુએ કુત્રિકાપણ (જ્યાં દુનિયાની તમામ વસ્તુઓ મળતી હોય છે તેવી દુકાન)માં જઈ રાજા, મંત્રી, નગરશેઠ, સમાજના આગેવાનો વગેરેની હાજરીમાં ૧૪૪ જુદા જુદા પ્રશ્નો કરી નોજીવ વસ્તુ માગી. પરન્તુ તેમાં નોજીવ જેવી વસ્તુ મળી નહિ. ગુરુએ રોહગુપ્તને કહ્યું કે, "જો નોજીવની જુદી રાશિ માનશો તો નોઅજીવની પણ જુદી રાશિ માનવી પડશે. પરન્તુ વસ્તુતઃ રાશિ બે જ છે – જીવ અને અજીવ."

રાજસભામાં ગુરુએ એટલા બધા પ્રશ્નો રોહગુપ્તને કર્યા કે જેમાંના કેટલાયના જવાબ રોહગુપ્ત પાસે ન હતા. આમ છેવટે ગુરુએ રાજસભામાં પોતાના શિષ્ય રોહગુપ્તનો પરાજય કર્યો અને સંસારમાં ત્રણ રાશિ નહિ પરન્તુ બે રાશિ છે એમ સિદ્ધ કરી બતાવ્યું. રાજાએ રોહગુપ્તને પરાજિત થયેલા જાહેર કર્યા અને સભામાંથી બહાર કાઢ્યા.

રાજાએ શ્રીગુપ્તસૂરિને વિજેતા તરીકે જાહેર કરીને ધામધૂમપૂર્વક તેમનું સન્માન કર્યું અને નગરમાં મોટો ઉત્સવ મનાવ્યો.

પરાજિત થયા પછી પણ રોહગુપ્ત સમજ્યા નહિ એટલે ગુરુએ તેમના મસ્તકમાં રાખ નાખી, નિહ્નવ તરીકે જાહેર કરી તેમને સંઘમાંથી બહાર કાઢ્યા.

રોહગુપ્ત જુદા પડ્યા અને તેમણે પોતાનો જુદો મત પ્રવર્તાવ્યો. સમય જતાં તેમાંથી વૈશેષિક દર્શનની ત્પત્તિ થઈ.

આ રીતે છઠ્ઠા નિહ્નવ રોહગુપ્ત જીવન પર્યંત નિહ્નવ રહ્

સાતમા નિહ્નવ: ગોષ્ઠા માહિલ

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુર નગરમાં ગોષ્ઠા માહિલ નામના સાતમા નિહ્નવ થઈ ગયા. એમને અબદ્ધિક નામની મિથ્યા દૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી. 'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે:

पंचसया चुलसीया तइया सिद्धिं गयस्स वीरस्स।
तो अबद्धिय दिट्ठी दसउरनयरे समुप्पन्ना॥

[ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુર નગરમાં અબદ્ધિક નામની દૃષ્ટિ ઉત્પન્ન થઈ]

દશપુર નગરમાં સોમદેવ નામના બ્રાહ્મણને આર્યરક્ષિત નામનો પુત્ર હતો. તે વિદ્યાભ્યાસમાં ખૂબ પ્રવીણ હતો. માતાની પ્રેરણાથી એક જૈન આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરીને આર્યરક્ષિત જૈન સાધુ બન્યા. ગુરુ પાસે રહીને એમણે શાસ્ત્રગ્રન્થોનો અભ્યાસ કર્યો. સમય જતાં એમણે પોતાના નાના ભાઈ ફલ્ગુરક્ષિતને પણ દીક્ષા આપી. બન્ને ભાઈઓ ગામેગામ વિહાર કરવા લાગ્યા. આર્યરક્ષિત આચાર્ય થયા. એમ કરતાં એક વખત પોતાના નગર દશપુરમાં તે પધાર્યા ત્યારે તેમની ઉપદેશવાણી સાંભળીને તેમનાં માતાપિતાએ

પણ દીક્ષા લીધી. વળી તેમના મામા ગોષ્ઠા માહિલે પણ દીક્ષા લીધી. તે સમયે બીજા ઘણા માણસોએ પણ દીક્ષા લીધી. આ રીતે આર્યરક્ષિત આચાર્યના સાધુઓનો સમુદાય ઘણો મોટો બન્યો.

આર્યરક્ષિતના તેજસ્વી અને જ્ઞાની શિષ્યોમાં મુનિ દુર્બલિકાપુષ્યમિત્ર, મુનિ વિન્ધ્ય, મુનિ ફલ્ગુરક્ષિત અને મુનિ ગોષ્ઠા માહિલ હતા.

એક વખત મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી પાસે નિગોદનું સ્વરૂપ સાંભળીને ઇન્દ્રે એમને પૂછ્યું: "ભગવંત! ભરત ક્ષેત્રમાં નિગોદનું આવું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવનાર અત્યારે કોઈ વ્યક્તિ હશે ખરી?"

સીમંધરસ્વામીએ કહ્યું: "ભરત ક્ષેત્રમાં એવી એક વ્યક્તિ છે અને તે છે આચાર્ય આર્યરક્ષિત."

આચાર્ય આર્યરક્ષિત તે સમયે વિહાર કરતા કરતા મથુરા નગરીમાં સ્થિર થયા હતા. ઇન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ લઈને આર્યરક્ષિત પાસે આવ્યા. તે સમયે આર્યરક્ષિતના શિષ્ય ગોચરી વગેરે માટે બહાર ગયા હતા. વૃદ્ધ બ્રાહ્મણે વંદન કરીને કહ્યું: "ભગવંત! મને ઘણા ભયંકર રોગો છે. માટે અનશન કરવાની મારી ભાવના છે. તો આપ મને કહેશો કે મારું આયુષ્ય હવે કેટલું બાકી છે?" આર્યરક્ષિતે ઉપયોગ મૂકી જોયું તો તેમને નવાઈ લાગી, તેમણે કહ્યું:

"તમે વૃદ્ધ બ્રાહ્મણ નથી, તમારું આયુષ્ય જોતાં તમે દેવ છો. તમે સૌધર્માધિપતિ ઇન્દ્ર છો."

એ વાત સાંભળી ઇન્દ્ર પ્રસન્ન થયા, મૂળ સ્વરૂપે પ્રગટ થયા અને કહ્યું: "હું આપની પાસે નિગોદનું સ્વરૂપ સાંભળવા આવ્યો છું." આર્યરક્ષિતે તેમને નિગોદનું સ્વરૂપ સમજાવ્યું. ઇન્દ્રે તે પછી જવા માટે રજા માગી ત્યારે આર્ય-રક્ષિતે કહ્યું: "તમારા આગમનની મારા શિષ્યોને પ્રતીતિ થાય તો તેઓની શ્રદ્ધા વધશે; તો તે માટે તમે કંઈક નિશાની મૂકીને જાઓ."

ઇન્દ્રે આચાર્યના કહેવાથી ઉપાશ્રયનો દરવાજો પૂર્વ દિશામાંથી પશ્ચિમ દિશામાં ફેરવી કાઢયો.

શિષ્યો જ્યારે પાછા ફર્યા ત્યારે ઉપાશ્રયનો દરવાજો તેમને જડયો નહિ. આમતેમ પ્રયત્ન કર્યો ત્યારે જુદી જ દિશામાં દરવાજો જોઈને તેમને નવાઈ લાગી. આર્યરક્ષિતે બનેલી ઘટના તેમને કહી. આ ઘટનાના સમાચાર નગરમાં પ્રસરતાં નગરજનોનો આર્યરક્ષિત પ્રત્યે ખૂબ આદરભાવ વધ્યો.

આર્યરક્ષિત પોતાના શિષ્યો સાથે વિહાર કરતા કરતા એક વખત દસપુર નગરમાં આવી પહોંચ્યા. તે સમયે મથુરા નગરીના લોકોએ આવીને તેમને વિનંતી કરી કે, "મથુરામાં કોઈ એક અક્રિયાવાદી આવ્યો છે. તે નાસ્તિક છે, અને લોકોને ભરમાવે છે. તેની સાથે પ્રતિવાદ કરવા માટે આપ

મથુરા પધારો." પરન્તુ આર્યરક્ષિત વૃદ્ધાવસ્થાને કારણે જઈ શકે તેમ ન હતા. વાદ કરવામાં કુશળ એવા ગોષ્ઠા માહિલને તેમણે મોકલ્યા. ગોષ્ઠા માહિલે તે નાસ્તિકવાદીનો પરાભવ કર્યો. પછી લોકોની વિનંતીથી તેઓ મથુરામાં ચાતુર્માસ માટે રોકાયા.

વૃદ્ધાવસ્થાને કારણે આર્યરક્ષિત વિચારવા લાગ્યા કે પોતાને સ્થાને પોતાની પાટે પોતાના કોઈ એક શિષ્યને હવે સ્થાપવા જોઈએ. એ માટે એમણે પોતાના શિષ્યો સાથે વિચારવિનિમય કર્યો. પોતાના શિષ્યોમાંથી પોતાના નાના ભાઈ ફલ્ગુરક્ષિત પણ તેજસ્વી હતા, અને પોતાના મામા ગોષ્ઠા માહિલ પણ તેજસ્વી હતા. પરન્તુ આર્યરક્ષિતને લાગ્યું કે આ બાબતમાં સગપણની દૃષ્ટિએ વિચાર ન કરાય. જ્ઞાનની આરાધના અને ચારિત્ર્યના પાલનમાં દુર્બલિકાપુષ્પમિત્ર સૌથી વધુ તેજસ્વી છે, માટે તેમણે દુર્બલિકાપુષ્પમિત્રને આચાર્ય બનાવી પોતાની પાટે સ્થાપ્યા.

ત્યાર પછી તેઓ ભક્તપ્રત્યાખ્યાન કરી કાળધર્મ પામ્યા. એ વાતની જ્યારે ગોષ્ઠા માહિલને ખબર પડી ત્યારે ચાતુર્માસ પૂર્ણ કરી તેઓ દસપુર નગરમાં પધાર્યા. આચાર્યપદ પોતાને ન મળ્યું તે માટે તેઓ નારાજ થયા અને રોષે ભરાયા.

દુર્બલિકાપુષ્પમિત્રે તેમની સાથે વિનયવ્યવહાર બરાબર સાચવ્યો, પરન્તુ ગોષ્ઠા માહિલે તે વ્યવહાર બરાબર

સાચવ્યો નહિ. તેમનામાં અભિમાનનો ઉદય થયો અને તેઓ દુર્બલિકાપુષ્યમિત્રનાં છિદ્રો શોધવા લાગ્યા. તે સમયે કર્મપ્રવાદ વિશે દુર્બલિકાપુષ્યમિત્રનાં વ્યાખ્યાનો ચાલતાં હતાં. ગોષ્ઠા માહિલ તે વ્યાખ્યાનોમાં જાણી જોઈને ઉપસ્થિત રહેતા નહિ, પરન્તુ વિન્ધ્ય નામના શિષ્ય પાસેથી તેની વિગત જાણી લઈ તેમાં જાતજાતના દોષ બતાવવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. આવા અભિનિવેશને કારણે તેમનામાં મિથ્યા દૃષ્ટિનો ઉદય થયો. જીવ અને કર્મના સંબંધ પરત્વે તેમને વિપરીત દૃષ્ટિ થઈ. જીવ અને કર્મનો સંબંધ નીર-ક્ષીર જેવો હોય છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. પરન્તુ ગોષ્ઠા માહિલે વિરોધ કરવા ખાતર કહ્યું કે જીવ અને કર્મનો સંબંધ સાપ અને કાંચળી જેવો છે.

વળી, પ્રત્યાખ્યાન નામના નવમા પૂર્વનો અભ્યાસ ચાલતો હતો ત્યારે તેના વિષયમાં ઈર્ષ્યા અને દ્વેષથી દુર્બલિકાપુષ્યમિત્રની ભૂલ કાઢવા માટે ગોષ્ઠા માહિલે વિંધ્ય મુનિ દ્વારા કહ્યું કે પ્રત્યાખ્યાન સૂત્રમાં 'જાવજ્જીવાએ' પદ બોલાય છે તે ઉચિત નથી.

આમ ગોષ્ઠા માહિલનો ઉદ્દેશ પોતાની તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ કરી દુર્બલિકાપુષ્યમિત્રના ઉપદેશમાં ખોટી રીતે ત્રુટિઓ બતાવી મતભેદો ઊભા કરી લોકોની નજરમાં દુર્બલિકાપુષ્યમિત્રને ઉતારી પાડવાનો હતો. ગોષ્ઠા માહિલ વ્યાખ્યાનમાં જતા નહિ. તેઓ આઘા અને અતડા રહેતા અને જાણી જોઈને મતભેદ અને ઝઘડા ઊભા કરતા.

આમ છતાં, લોકોના હિત ખાતર દુર્બલિકાપુષ્યમિત્ર પોતે ગોષ્ઠા માહિલ પાસે ગયા અને એમની સાથે મતભેદો વિશે ચર્ચા કરી. દુર્બલિકાપુષ્યમિત્રે એમને કહ્યું કે જીવ અને કર્મનો સંબંધ સાપ અને કાંચળીની જેમ તમે અબદ્ધ માનો છો તે યોગ્ય નથી. કાંચળી સાપના શરીરના ઉપરના ભાગમાં છે, અંદરના ભાગમાં નથી. જ્યારે કર્મ તો આત્માના આઠ સિવાયના સર્વ પ્રદેશોને લાગેલાં હોય છે. જો સાપ અને કાંચળી જેવો સંબંધ ગણીએ તો આત્મા જે આકાશ-પ્રદેશોને અવગાહીને રહે છે તે જ પ્રદેશોને અવગાહીને તેનાં કર્મો પણ રહે છે એ સિદ્ધાંત ખોટો ઠરશે અને આત્મા તથા કર્મના જુદા જુદા પ્રદેશો સ્વીકારવા પડશે. સાપ અને કાંચળી એક થઈ રહેતાં નથી, પણ સાપના શરીર ઉપર કાંચળી ચોંટી રહે છે. કર્મ આત્મા ઉપર વીંટળાઈ રહે છે એમ માનીએ તો આત્મા સર્વપ્રદેશે જે સુખદુઃખ અનુભવે છે તે સંભવી શકશે નહિ. સાપ કાંચળી છોડી ચાલ્યો જાય છે, પરન્તુ આત્મા અને કર્મનો સંબંધ તેવો માનવાથી દરેક જીવને બીજા ભવમાં કર્મથી મુક્ત માનવા પડશે.

વળી, સિદ્ધોના જીવો જે સ્થળે રહેલા છે તે સ્થળ પણ કર્મવર્ગણાનાં પુદ્‌ગલોથી સભર છે. એટલે કે આત્મા અને કર્મની સાપ અને કાંચળી જેવી સ્થિતિ તો ત્યાં પણ છે, એટલે સિદ્ધોના જીવોને પણ કર્મજન્ય વેદના માનવી પડશે અને તેઓને સંસારમાં પાછા આવવાનું માનવું પડશે.

તદુપરાંત આત્મા અને કર્મનો સંબંધ સાપ અને કાંચળી જેવો માનવાથી એક આત્માનું કર્મ બીજા આત્માને પણ સુખદુઃખ આપી શકે એવું માનવાની ફરજ પડશે. આમ, સમગ્ર રીતે જોતાં આત્મા અને કર્મનો સંબંધ સાપ અને કાંચળી જેવો નહિ પણ નીર અને ક્ષીર જેવો અથવા લોઢું અને અગ્નિ જેવો માનવો એ જ વધારે યોગ્ય છે.

પ્રત્યાખ્યાનની બાબતમાં દુર્બલિકાપુષ્યમિત્રે ગોષ્ઠા માહિલને કહ્યું કે 'જાવજ્જીવાએ' પદ યોગ્ય જ છે. એ પદથી પ્રત્યાખ્યાન કાળની અવધિવાળું બને છે એ સાચું, પરન્તુ તેથી કાળ પૂરો થઈ ભોગ ભોગવવાની અભિલાષારૂપ આશંસાનો દોષ લાગે છે એમ ન કહી શકાય, કારણ કે કાળ અનંત છે અને જીવ ક્યારે કઈ ગતિમાં પોતે જશે તે જાણતો નથી. એટલે પ્રત્યાખ્યાનની મર્યાદા જો ન બાંધી હોય તો તે પૂર્ણપણે પાળી શકે નહિ. એથી પ્રત્યાખ્યાનનો ભંગ થાય અને એ દોષ વધારે ભયંકર છે. અપરિમાણ પ્રત્યાખ્યાન સંપૂર્ણપણે પાળી શકાતું નથી. માટે જ 'જાવજ્જીવાએ' પદ પ્રત્યાખ્યાનમાં અયોગ્ય નથી.

આમ, ગોષ્ઠા માહિલને ઘણું સમજાવવા છતાં તેઓ સમજ્યા નહિ. સંઘના આગેવાનોએ પણ તેમને સમજાવવાના પ્રયત્નો કર્યા પરન્તુ ગોષ્ઠા માહિલનાં અભિમાન, ક્રોધ, ઇર્ષ્યા અને દ્વેષ ઓછાં થયાં નહિ. આમ આ મતભેદનું કોઈ પણ રીતે નિરાકરણ ન થયું, એટલે સંઘે એમને સંઘ બહાર

મૂક્યા. ગોષ્ઠા માહિલ ત્યાર પછી જુદા વિચરવા લાગ્યા, પરન્તુ તેમના મતને બીજા કોઈનું સમર્થન મળ્યું નહિ. સંઘે ગોષ્ઠા માહિલને નિહ્નવ તરીકે જાહેર કર્યા અને ગોષ્ઠા માહિલ જીવ્યા ત્યાં સુધી નિહ્નવ રહ્યા.

તદુપરાંત આત્મા અને કર્મનો સંબંધ સાપ અને કાંચળી જેવો માનવાથી એક આત્માનું કર્મ બીજા આત્માને પણ સુખદુઃખ આપી શકે એવું માનવાની ફરજ પડશે. આમ, સમગ્ર રીતે જોતાં આત્મા અને કર્મનો સંબંધ સાપ અને કાંચળી જેવો નહિ પણ નીર અને ક્ષીર જેવો અથવા લોઢું અને અગ્નિ જેવો માનવો એ જ વધારે યોગ્ય છે.

પ્રત્યાખ્યાનની બાબતમાં દુર્બલિકાપુષ્યમિત્રે ગોષ્ઠા માહિલને કહ્યું કે 'જાવજ્જીવાએ' પદ યોગ્ય જ છે. એ પદથી પ્રત્યાખ્યાન કાળની અવધિવાળું બને છે એ સાચું, પરન્તુ તેથી કાળ પૂરો થઈ ભોગ ભોગવવાની અભિલાષા-રૂપ આશંસાનો દોષ લાગે છે એમ ન કહી શકાય, કારણ કે કાળ અનંત છે અને જીવ ક્યારે કઈ ગતિમાં પોતે જશે તે જાણતો નથી. એટલે પ્રત્યાખ્યાનની મર્યાદા જો ન બાંધી હોય તો તે પૂર્ણપણે પાળી શકે નહિ. એથી પ્રત્યા-ખ્યાનનો ભંગ થાય અને એ દોષ વધારે ભયંકર છે. અપ-રિમાણ પ્રત્યાખ્યાન સપૂર્ણપણે પાળી શકાતું નથી. માટે જ 'જાવજ્જીવાએ' પદ પ્રત્યાખ્યાનમાં અયોગ્ય નથી.

આમ, ગોષ્ઠા માહિલને ઘણું સમજાવવા છતાં તેઓ સમજ્યા નહિ. સંઘના આગેવાનોએ પણ તેમને સમજાવ-વાના પ્રયત્નો કર્યા પરન્તુ ગોષ્ઠા માહિલનાં અભિમાન, ક્રોધ, ઈર્ષ્યા અને દ્વેષ ઓછાં થયાં નહિ. આમ આ મતભેદનું કોઈ પણ રીતે નિરાકરણ ન થયું, એટલે સંઘે એમને સંઘ બહાર

મૂકયા. ગોષ્ઠા માહિલ ત્યાર પછી જુદા વિચરવા લાગ્યા, પરન્તુ તેમના મતને બીજા કોઈનું સમર્થન મળ્યું નહિ. સંઘે ગોષ્ઠા માહિલને નિહ્નવ તરીકે જાહેર કર્યા અને ગોષ્ઠા માહિલ જીવ્યા ત્યાં સુધી નિહ્નવ રહ્યા.

ઉપસંહાર

આમ, જૈન શાસ્ત્રગ્રન્થોમાં જમાલિ, તિષ્યગુપ્ત, આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર, ગંગાચાર્ય, રોહગુપ્ત અને ગોષ્ઠા માહિલ એ સાત નિહ્નવોનો ઇતિહાસ અને તેમની સાથે તેમના ગુરુ અને બીજા સ્થવિર સાધુઓને થયેલી તાત્ત્વિક ચર્ચા આપવામાં આવ્યાં છે. આ ઇતિહાસ રસિક અને સાધકને માટે માર્ગદર્શક છે. અલબત્ત, કેટલીક ચર્ચા એટલી સૂક્ષ્મ છે કે સાધારણ માણસને તેમાં રસ કે સમજ ન પડે.

આ સાત નિહ્નવોમાં જમાલિ, રોહગુપ્ત અને ગોષ્ઠા માહિલ એ ત્રણ એવા નિહ્નવો છે કે જે છેવટ સુધી નિહ્નવ જ રહ્યા અને પોતાનો સ્વતંત્ર મત પ્રવર્તાવવા માટે તેમણે પ્રયત્ન કર્યો; જ્યારે તિષ્યગુપ્ત, આષાઢાચાર્યના શિષ્યો, અશ્વમિત્ર અને ગંગાચાર્ય એ નિહ્નવોએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો, પ્રાયશ્ચિત્ત લીધું અને પોતાના ગુરુની પાસે પાછા આવી સમુદાયમાં જોડાઈ ગયા. જે ત્રણ નિહ્નવો છેવટ સુધી નિહ્નવ જ રહ્યા તેમાં જમાલિ અને ગોષ્ઠા માહિલ એ બે નિહ્નવો એવા છે કે જેમનો પોતાના ગુરુ સાથે સગપણનો સંબંધ પણ હતો. એથી સમુદાયમાં અગ્રતા

આ સાત નિહ્નવોનો ઇતિહાસ આપણને એ સમજાવે છે કે સિદ્ધાન્તનો ગુરુનિશ્રાએ શુદ્ધબુદ્ધિથી અભ્યાસ કરવો જોઈએ. ગુરુનિશ્રાનો સ્વીકાર તે જ પારમાર્થિક શુદ્ધબુદ્ધિ છે. સિદ્ધાંતનું ગુરુનિષિદ્ધ રસ્તે પ્રતિપાદન કરવું તે નિહ્નવપણું છે. પ્રયત્નપૂર્વક પ્રમાદરહિત થઈ એને જીતવું તે અનિહ્નવપણું છે.

મિથ્યાત્વમાં ઉત્સૂત્ર પ્રરૂપણાને સૌથી મોટું પાપ કહેવામાં આવે છે. આનંદઘનજીએ કહ્યું છે કે, 'પાપ નહિ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું.' ઉત્સૂત્ર પ્રરૂપણાનું એક સચોટ દૃષ્ટાન્ત મહારાજા ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિનું છે. મરીચિ પરિવ્રાજક થઈ ગયા હતા. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના સમયમાં મરીચિએ રાજકુમાર કપિલને ફક્ત એટલું જ કહ્યું હતું કે, "હે કપિલ! ત્યાં શ્રી ઋષભદેવ ભગવંત પાસે પણ ધર્મ છે અને અહીં મારી પાસે, મારા મતમાં પણ ધર્મ છે." આ વચન ઉત્સૂત્ર હતું. આ વચન તેઓ પોતે સમજીને બોલ્યા હતા. શ્રી ઋષભદેવ ભગવાન પાસે જ ધર્મ છે અને પોતાની પાસે ધર્મ નથી એમ તેઓ ખરેખર માનતા હતા. તેઓ શ્રી ઋષભદેવ ભગવંતના સાધુઓ સાથે પરિવ્રાજકપણામાં રહેતા હતા. જે કોઈ આવે તેને સમજાવીને શ્રી ઋષભદેવ ભગવંતના સાધુઓ પાસે તેઓ મોકલતા હતા. પરિવ્રાજકપણાની દીક્ષા તેઓ કોઈને આપતા નહોતા. અને તેમ કરવામાં અધર્મ માનતા હતા. આવી એમના આત્માની અંદરથી નિર્દોષ સ્થિતિ હતી. સાધુ ભગવંતો પાસે પોતાનાથી સેવા લેવાય નહિ એમ તેઓ

માનતા હતા. છતાં પોતાની બીમાર અવસ્થામાં પોતાના જેવા વેશવાળો પોતાનો પરિવ્રાજક શિષ્ય હશે તો સેવા કરશે એવા ગુપ્ત આશયથી તેમણે કપિલને આવું વચન કહ્યું હતું. કપિલ ગાઢ મિથ્યાદૃષ્ટિ હતો અને શ્રી ઋષભદેવના ધર્મમાં એને રુચિ નહોતી. શ્રી ઋષભદેવ ભગવંતનો ધર્મ તે પામી શકવાનો નથી અને પોતાને સેવા કરનાર કોઈ શિષ્યની અત્યંત જરૂર હતી. આવી અવસ્થામાં મરીચિએ આવું વચન ઉચ્ચાર્યું હતું. મરીચિનો જીવ તો ભાવિ તીર્થંકરનો જીવ હતો. તો પણ આ ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપને કારણે તેમના ઘણા બધા ભવ વધી ગયા. જો મરીચિ જેવાની આ સ્થિતિ થાય તો જેમને ધર્મસિદ્ધાન્તનો સારો અભ્યાસ નથી, અને જેઓ માત્ર સ્વમતિથી ધર્મસિદ્ધાન્તના વિષયમાં યથેચ્છ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તેમની સ્થિતિ તો એથી પણ વધુ દુષ્કર બને તેમાં નવાઈ શી!

આમ, જૈન શાસ્ત્રોમાં અનિહ્નવપણા ઉપર અતિશય ભાર મૂકવામાં આવ્યો છે કારણ કે અનિહ્નવપણું એટલે વિચારોની પ્રામાણિકતા, જીવનમાં આંતરબાહ્ય સંવાદિતા અને વ્યક્તિત્વની પારદર્શકતા.

નિહ્નવવાદનું અધ્યયન આત્મનિરીક્ષણમાં પરિણમવું જોઈએ. આ અધ્યયનથી પોતાનામાં રહેલા દોષો અને ત્રુટિઓનું શોધન થાય છે, કષાયો દૂર થાય છે અને સમ્યક્ત્વ નિર્મળ થાય છે.

